# જ્ઞાનગંગા

મુખપત્ર

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત

## ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય

વર્ષ : ૭ | અંકઃ૨૫(ફક્ત આંતરિક વિતરણ) | ઓક્ટોબર,૨૦૧૩




### સમગ્ર દેશમાં આઉટપુટની દષ્ટિએ પાંચમા ક્રમાંકે

સ્ત્રોતઃ"કેરીયર્સ ૩૬૦",ઓગસ્ટ-૨૦૧૧






## સૌ ભણે સુખ લણે



## નૂતન વર્ષાભિનંદન

દીપોત્સવીના ઝળહળાટની દિવ્ય સાક્ષીએ આપણે સહુ નૂતનવર્ષની મંગલ પ્રભાતને આવકારીએ. સંવત- 2070નું નૂતનવર્ષ આપણી સહુની વિદ્યાયાત્રાને રાષ્ટ્રનિર્માણનું મૂલ્યવાન નિમિત્ત બનાવે એવી શુભકામનાઓ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય પરિવારના નૂતન વર્ષાભિનંદન.

# વાઈબ્રન્ટ ગુજરાતની વાઈબ્રન્ટ સાક્ષીએ.....




આપણું એજ્યુકેશન પેવેલિયન



નિયામકશ્રીનો વિદ્યાર્થીઓ સાથે સંવાદ



મંત્રીશ્રીનો પ્રોત્સાહક પ્રતિભાવ

स्वाध्यायः परमं तपः



ટેકનોલોજીના સથવારે વિદ્યાર્થી સાથે સેતુબંધ



મોંઘેરા મહેમાનો



CCC-BAOU "ટ્રેઈન ધ ટ્રેનર"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | From The Desk of Director | 2 |
| ૨. | વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૩ | 3 |
| ૩. | કેળવણીકાર ડૉ.બાબાસાહેબ આંબેડકર | 5 |
| ૪. | આચાર્યશ્રી ક્ષિતિમોહન સેનનું દીક્ષાન્ત પ્રવચન | 7 |
| ૫. | વિચારક્રાંતિના મહાન જ્યોર્તિધરઃ ડૉ. બાબાસાહેબ આંબેડકર | 8 |
| ૬. | ભારતનો સાંસ્કૃતિક વારસો | 10 |
| ૭. | ભારતીય શિક્ષણ પરંપરા અને દૂરવર્તી શિક્ષણ | 11 |
| ૮. | સંયુક્ત રાષ્ટ્રસંઘમાં વીરાંગના મલાલાનું ઉદ્બોધન | 13 |
| ૯. | મુક્ત વિશ્વવિદ્યાલયનું ગૌરવ | 15 |
| ૧૦. | વિવેકાનંદ અને ગુજરાત : એક અંકબંધ સેતુ | 16 |
| ૧૧. | Tongue Twisters... અને ભાષા શિક્ષણ | 18 |
| ૧૨ | સાસુવહુની લડાઈઃ સામાજિક.... | 20 |
| ૧૩. | આપણા વિદ્યાર્થી દ્વારા લખાયેલ પુસ્તકનું પ્રકાશન | 22 |
| ૧૪. | શિક્ષા કા માન | 23 |
| ૧૫. | પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલકલામનો શિક્ષણવિચાર | 24 |
| ૧૬. | માતૃભાષા વધામણીનું વાતાવરણ | 25 |
| ૧૭. | માતૃભાષા અને પરભાષાનું સખ્ય | 26 |
| ૧૮. | સંસ્થા અહેવાલ (પરિચય તથા અભિમુખતા કાર્યક્રમ) | 27 |

# *From The Desk of Director*

**Dr. Ravi Gor, Director (Academic)**

*Greetings from* Dr. Babasaheb Ambedkar Open University........!!

With this issue of Gyanganga, Team BAOU welcomes the newly appointed staff at the university, both the teaching and the non-teaching. We wish them the best in their career and also hope that the university will be able to reach to new heights with their experience and abilities.

By the time this issue of Gyanganga is in your hands, the results of the Research Proposal Defence process (RDC) would have been out and successful aspirants of the newly launched Ph.D. program would have started seeking provisional registration in the program.

For a university, the academics is the body and research is the heart and soul. Just as a soul controls the principle of thought, actions and emotions in a human body, research at the university controls, shapes and strengthens the academic knowledge that spans across the disciplines.

The Ph.D. program has been designed to include active interaction between students and mentors (research guides) through seminars on research-relevant issues, and course-work workshops. Discovery and creativity being the cornerstones of the academic blocks of a university,the program wishes to harness the potential of the researchers to push forward the frontiers of knowledge and transform what students learn in the classroom into reality and relevance. The latter word RELEVANT is what BAOU wishes to focus on.

BAOU will try to maintain the relevance of research in all areas of humanities and social sciences, education, management and computer science through the internal and external expert committees.

Team BAOU is in the process of planning for research journals for its four schools, school of humanities and social sciences, school of education, school of commerce and management and school of computer science. These research journals are planned to provide avenues for the research scholars to publish their research and findings and also promote open access publishing.

On the academic front, the schools of the university have started planning for new courses and also revising the old ones with a view to encompass a larger stock of knowledge that has been added in the society but still not put in the academic curricula. I am sure these few years are going to add vigour and vitality to the BAOU system due to the able leadership of the Hon Vice-chancellor and the undivided focus of Team BAOU.

At this juncture, BAOU also wishes to acknowledge the efforts put in by the external experts, the academicians who have helped shape up the university by providing their advice and especially their time in our academic endeavours. With the vision of inclusive education, Dr. Babasaheb Ambedkar Open University welcomes every learner with open hands. We also seek support from the academic fraternity to promote Open Education which is the only way the enrolment into higher education can be brought up very fast in the coming years.

# વાઈબ્રન્ટ ગુજરાત સમિટ - ૨૦૧૩માં
# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સહભાગિતા

વાઇબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૩, એ ગુજરાત સરકાર દ્વારા આયોજિત અને સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષતી ઘટના ગુજરાતની વિકાસોન્મુખતાની પ્રતીતિ કરાવી ગઈ. આ વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૩માં ઇન્ફર્મેશન ટેકનોલોજી, શિક્ષણ, પ્રવાસન, ઑટોમોબાઇલ્સ, કૃષિ, ઉદ્યોગો વગેરે ક્ષેત્રોના જુદાં-જુદાં પેવેલીયન ઊભા કરવામાં આવેલા હતાં. વાઇબ્રન્ટ ગુજરાત એક્ઝીબીશનના એજ્યુકેશન પેવલીયનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને વિશાળ સ્ટોલ દ્વારા પ્રસ્તુતિ કરવાની તક મળી. તા. ૮-૧-૨૦૧૩થી ૧૩-૧-૨૦૧૩ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ આ તકનો ઉપયોગ કરી અત્યંત ધ્યાનાકર્ષક સ્ટોલ દ્વારા લાખો મુલાકાતીઓને પોતાની પ્રવૃત્તિઓથી અવગત કર્યા. ઉચ્ચશિક્ષણ કમિશ્નરની કચેરી તરફથી મળેલ માહિતી મુજબ સમિટ-૨૦૧૩માં Education pavilion આશરે ૨૦,૦૦,૦૦૦ લોકોએ મુલાકાત લીધી હતી.

આ સ્ટોલમાં યુનિવર્સિટીના ગ્રીન બિલ્ડીંગનું મોડેલ, વિદ્યાસેતુ કાર્યક્રમની ઝલક, A-view દ્વારા ચાલતા વર્ચ્યુઅલ ક્લાસરૂમનું જીવંત પ્રદર્શન, વિદ્યાર્થીઓને માહિતી આપતું કી-ઓસ્ક તથા ત્રણ ટેબલેટ દ્વારા યુનિવર્સિટીના ચાર ભાષામાં ચાલતા CCC-BAOU અભ્યાસક્રમની મલ્ટીમીડિયા અભ્યાસ સામગ્રી, BISAGની મદદથી ચાલતા વ્યાખ્યાનો તેમજ OMKAR દ્વારા વેબસાઇટ પરથી ઉપલબ્ધ અભ્યાસ-સામગ્રી અંગેના વિવિધ મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા.

તા. ૮-૧-૨૦૧૩ના રોજ ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૩નું ઉદ્‌ઘાટન કર્યું હતું. પ્રથમ દિવસે જ યુનિવર્સિટીના સ્ટોલ પર માનનીય શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસુલમંત્રી સુશ્રી આનંદીબહેન પટેલ, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી સુશ્રી વસુબેન ત્રિવેદી, ઉચ્ચશિક્ષણ કમિશ્નર શ્રીમતી જયંતિ રવિ, ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ વગેરે અનેક મહાનુભાવોએ મુલાકાત લીધી હતી.

આ મહાનુભાવોને યુનિવર્સિટીનાં તમામ મોડેલ્સથી અવગત કરાવવાની ભૂમિકા યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડૉ. મનોજ સોની, કુલસચિવ શ્રી પીયૂષભાઈ શાહ, નિયામકશ્રી ડૉ. રવિ ગોર દ્વારા નિભાવવામાં આવી હતી. માનનીય કુલપતિ શ્રી ડૉ. મનોજ સોનીએ પ્રથમ દિવસે આવેલા મહાનુભાવોને આપણી યુનિવર્સિટીના કાર્યક્ષેત્રની રસપ્રદ અને ઊંડાણપૂર્વક ઝાંખી કરાવી હતી.

તા. ૮-૧-૨૦૧૩થી ૧૩-૧-૨૦૧૩ દરમિયાન યુનિવર્સિટીનાં સ્ટોલ પર શાળા – કૉલેજના વિદ્યાર્થી ભાઈ–બહેનો, શિક્ષકો, અધ્યાપકો, સરકારીશ્રીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તથા અન્ય લોકોએ મુલાકાત લીધી હતી. યુનિવર્સિટીના સ્ટોલ પર મુકવામાં આવેલ વિવિધ મોડેલ્સની માહિતી નીચે મુજબ છે.

### (૧) યુનિવર્સિટીના ગ્રીન બિલ્ડિંગનું મોડેલ :

સ્ટોલની શરૂઆતમાં યુનિવર્સિટીના ગ્રીન બિલ્ડિંગનું મોડેલ રજૂ કરવામાં આવ્યું હતું, જે હાલમાં ગાંધીનગર સરખેજ હાઈવે પર નિરમા યુનિવર્સિટીની બાજુમાં આકાર લઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે આ બિલ્ડીંગ ગુજરાત રાજ્યનું પ્રથમ ગ્રીન બિલ્ડીંગ છે.

### (૨) કામધેનુ મોબાઈલ વાન :

આધુનિક સમયમાં કમ્પ્યુટરને લગતું જ્ઞાન લોકોને મળી રહે તેવા હેતુથી યુનિવર્સિટી કમ્પ્યુટરને લગતા CCC તથા બીજા અન્ય અભ્યાસક્રમો ચલાવે છે. આ અભ્યાસક્રમોની સમજ તથા જ્ઞાન લોકોને / વિદ્યાર્થીઓને તેમના અનુકૂળ સ્થળ ઉપર જ મળી રહે તેવા હેતુથી યુનિવર્સિટીની કામધેનુ મોબાઈલવાન કાર્યરત છે. ૧૯ કોમ્પ્યુટર્સ, સ્કેનર, પ્રિન્ટર અને મલ્ટીમીડિયા પ્રોજેક્ટર ઓન વ્હીલ્સ ધરાવતા અદ્યતન ક્લાસરૂમ તરીકે જાણીતી આ મોબાઇલવાન આ સમિટમાં એજ્યુકેશન પેવેલિયનની સામી બાજુએ પ્રદર્શન અર્થે મુકાઈ હતી. આ કામધેનુ મોબાઇલવાનનું ઉદ્‌ઘાટન માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ડીસેમ્બર-૨૦૧૧માં કરવામાં આવ્યું હતું. આ મોબાઈલવાનની ઉત્કૃષ્ટ કામગીરીના ફળસ્વરૂપે એક વર્ષના ટૂંકા ગાળામાં IT ક્ષેત્રનો શ્રેષ્ઠ EDGE એવોર્ડ નવેમ્બર-૨૦૧૨ પ્રાપ્ત થયો છે. IT ક્ષેત્રનો એવોર્ડ પ્રથમવાર કોઈ શિક્ષણ સંસ્થાને આપવામાં આવ્યો હોય તેવી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એકમાત્ર યુનિવર્સિટી છે એ વાતથી મુલાકાતીઓ અવગત થયા હતા.

### (૩) વિદ્યાસેતુ કાર્યક્રમની ઝલક :

યુનિવર્સિટીના દર શનિવારે ડી.ડી. ગિરનાર પર પ્રસારિત થતા 'હેલ્લો વિદ્યાસેતુ' જીવંત ફોન–ઈન કાર્યક્રમની ઝલક પણ અહીં દર્શાવવામાં આવી હતી. જેમાં વિવિધ અભ્યાસક્રમો તથા જીવન ઉપયોગી વિવિધ વિષયો પર દર શનિવારે બે વિષય નિષ્ણાંતો દ્વારા વિષય પર ચર્ચા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને તે વિષય સંબંધી કોઈ પ્રશ્ન હોય તો તેઓ તરત જ ટેલીફોન દ્વારા ચાલુ કાર્યક્રમમાં પ્રશ્ન પૂછી જવાબ મેળવી શકે છે. આ વિશિષ્ટ કાર્યક્રમની માહિતી મુલાકાતીઓને આપવામાં આવી.

### (૪) વર્ચ્યુઅલ ક્લાસરૂમ :

ડૉ. બાબાસાહબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા A-view નામનાં સોફ્ટવેરના ઉપયોગથી ચાલતા વર્ચ્યુઅલ ક્લાસરૂમ (આભાસી વર્ગખંડ) વિશેની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. જેમાં યુનિવર્સિટીનાં અમદાવાદ ખાતે મુખ્ય કાર્યાલયમાં બેઠેલાં તજજ્ઞો પાસેથી વિદ્યાર્થીઓએ વર્ચ્યુઅલ ક્લાસરૂમના માધ્યમથી સંબંધિત વિષય અંતર્ગત પોતાના પ્રશ્નો અંગેની સમજ મેળવી હતી.

### (૫) કી-ઓસ્ક :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સ્ટોલ પર કી-ઓસ્ક મુકવામાં આવ્યું હતું. જેના દ્વારા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીનાં અભ્યાસકેન્દ્રો, યુનિવર્સિટી સ્ટાફ તથા સાથે સાથે પોતાનાં નોંધણી નંબરથી પોતાનાં પ્રવેશ, સ્વાધ્યાયકાર્ય, પરીક્ષા તથા પરિણામની જાણકારી કોઈને પણ પૂછ્યા વગર પોતાની રીતે જ મેળવી શકે છે. મુલાકાતીઓએ આ કિ-ઓસ્કનો રસપૂર્વક અભ્યાસ કર્યો હતો.

### (૬) યુનિવર્સિટીની સિદ્ધિઓ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ઓછા સંસાધનો હોવા છતાં જે સિદ્ધિઓ મેળવેલી છે, તેનું પ્રદર્શન કેટલાક પોસ્ટર્સ દ્વારા કરવામાં આવ્યું જેમાં 'Outlook Group' નવી દિલ્હી દ્વારા એક રાષ્ટ્રીય સર્વેના પરિણામ મુજબ યુનિવર્સિટીને Performance અને Outputની દૃષ્ટિએ સમગ્ર દેશમાં પાંચમો ક્રમ મળ્યો છે. તે અંગેની સમજ દર્શાવતા એક ગ્રાફ મોડેલને પણ રજૂ કરવામાં આવ્યું હતું.

### (૭) ઓડિયો વિઝ્યુઅલ અભ્યાસ-સામગ્રી :

યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલી ઓડિયો-વિઝ્યુઅલ અભ્યાસ–સહાયક સામગ્રી ટેબ્લેટ્સ દ્વારા દર્શાવાઈ હતી. જેમાં યુનિવર્સિટીના સૌથી પ્રચલિત અભ્યાસક્રમ એવા CCC-BAOU અભ્યાસક્રમની મલ્ટીમીડિયા અભ્યાસ–સામગ્રી તથા યુનિવર્સિટીમાં BISAGની મદદથી FHS તથા FST વિષયોમાં વિદ્વાનો પાસે તૈયાર કરાવવામાં આવેલ વિવિધ વ્યાખ્યાનો ટેબ્લેટ્સ દ્વારા દર્શાવવામાં આવ્યાં હતાં. ઉપરાંત OMKAR પોર્ટલના માધ્યમથી યુનિવર્સિટીના ૨૭ જેટલાં અભ્યાસક્રમોની જે અભ્યાસ–સામગ્રી Online ઉપલબ્ધ છે તે અંગેની જાણકારી આપવામાં આવી હતી.

નોંધનીય છે કે આ સમિટમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા શિક્ષણ ક્ષેત્રે નવીન શુભારંભો માટેનાં સહિયારા પ્રયાસો અર્થે MOU હસ્તાક્ષર કર્યા હતા.

તા. ૮-૧-૨૦૧૩થી તા. ૧૩-૧-૨૦૧૩ દરમિયાન એમ. સી. પટેલ ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ મડદુબ હાઇસ્કૂલ, મોડાસા; એમ. જે કૉલેજ, હિંમતનગર; કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર; ગ્રામ પંચાયત, ભાવનગર જિલ્લો; ITI ચાણસ્મા; ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ, ગાંધીનગર; ITI વિસનગર; એગ્રો ટેકનીકલ ઇન્સ્ટિટ્યુટ–પૂણે; પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકશન, અમદાવાદ; એન્જિનિયરિંગ કૉલેજ, રાજકોટ; જામનગર; આદેશ હાઇસ્કૂલ, ગાંધીનગર; સાર્વજનિક કૉલેજ, મહેસાણા; ક્રિષ્ના સાયન્સ સ્કૂલ, કેશોદ; ITI તરસાળી; ઉત્તરસંડા, વિરમગામ, તારાપુર; ગાયત્રી કૉલેજ, અમદાવાદ વગેરે જેવી સંસ્થાઓનાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત લીધી હતી. સ્ટોલની મુલાકાતે આવનાર માટે સ્ટોલ પર એક મંતવ્ય પુસ્તિકા રાખવામાં આવી હતી. મુલાકાતીઓની મંતવ્ય નોંધો પ્રોત્સાહક રહી.

### ગાંધી ચિંતનકણિકા

*જે માણસ અધિકારી આગળ સ્વેચ્છાએ પોતાના દોષનો નિખાલસપણે ને ફરી કદી તે ન કરવાનો, પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે તે શુદ્ધત્તમ પ્રાયશ્ચિત કરે છે.*

*

*બીજા કોઈ પણ માનવીના જેટલો જ હું ભૂલને પાત્ર છું. છતાં મારામાં મારી ભૂલો કબૂલ કરવા જેટલી અને ભૂલ્યો હોય ત્યાંથી ફરીથી ગણવા જેટલી નમ્રતા છે.*

# કેળવણીકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર

– સુનીલ જાદવ ડી. કે. કપૂરિયા આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ. બી. ગાર્ડા કોમર્સ કોલેજ,
કાલાવડ (શીતલા) જિ. જામનગર

વર્તમાન સમયમાં શિક્ષણ એક વ્યવસાય બની ગયો છે અને શિક્ષક સાવ 'સાધારણ' બની ગયો છે ત્યારે આપણા બે-પાંચ હજાર વર્ષના ઇતિહાસને નહિ પણ ૧૦૦-૨૦૦ વર્ષના ઇતિહાસને તપાસતા જ ખ્યાલ આવે છે કે શિક્ષણ અને શિક્ષકનું સમાજમાં કેવું મૂલ્યવાન સ્થાન હતું, માન-સન્માન હતું.

દલિતોના મસીહા અને બંધારણના ઘડવૈયા જેવા બાબાસાહેબના પ્રતાપી પાસાંઓના પ્રભાવતળે મહિલાઓના મુક્તિદાતા, મજૂરનેતા, મૂવમેન્ટના માણસ, વિદ્વાન પ્રોફેસર, તેજસ્વી વિદ્યાર્થી, સફળ પત્રકાર, અર્થશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને ઇતિહાસના અભ્યાસુ જેવા અનેક પાસાંઓ દબાઈ ગયાં છે અથવા તો અલ્પપ્રકાશ પામ્યા છે.

અહીં બાબાસાહેબના આવા એક ઓછા જાણીતા પણ તેજસ્વી પાસા વિશે વાત કરવાનો ઉપક્રમ સેવ્યો છે. હા, અહીં વાત કરવી છે ફક્ત કેળવણીકાર કે શિક્ષણશાસ્ત્રી બાબાસાહેબ નહીં પણ વિદ્વાન કેળવણીકાર બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની.

આપણે જાણીએ છીએ કે બાબાસાહેબના નામ પાછળ તેમના નામથી પણ મોટી અને લાંબી ડિગ્રીઓના નામની લાઇન જોવા મળે છે. એમ.એ., એમ.એસસી., પીએચ.ડી., ડી.એસસી., બાર-એટ-લો જેવી અનેક ઉચ્ચ ડિગ્રીઓ પ્રાપ્ત કરી ચૂકેલા બાબાસાહેબના શિક્ષણ અને શિક્ષક વિશેના વિચારો કેવા હશે, તે જાણવાની જિજ્ઞાસા સ્વાભાવિક રીતે જ આપણને સૌ કોઈને થાય.

નાનપણથી જ ભણવામાં હોંશિયાર એવા આંબેડકર વિદ્યાર્થીકાળથી જ શિક્ષણનું મહત્ત્વ સમજી ચૂકેલા. વડોદરા નરેશ મહારાજા સયાજીરાવની શિષ્યવૃત્તિ મેળવી અમેરિકા અભ્યાસ માટે ગયેલા આંબેડકરે ત્યાંથી પોતાના પિતાના એક મિત્રને લખેલા પત્રમાં દલિતોની ગરીબી દૂર કરવા એક રામબાણ ઉપાય સૂચવેલો. તે ઉપાય એટલે દલિતોમાં શિક્ષણનો પ્રસાર. આંબેડકરે તે સમયે શિક્ષણનું મહત્ત્વ સમજાવતા લખેલું :

"મા-બાપ સંતાનોના જીવનને વળાંક આપે છે. આ વાત આપણા લોકોના મન પર ઠસાવી જો આપણે છોકરાઓના શિક્ષણ સાથે છોકરીઓના શિક્ષણ માટે પણ પ્રયાસ કરીએ તો આપણા સમાજની પ્રગતિ ખૂબ ઝડપથી થશે."

૧૬ જાન્યુઆરી, ૧૯૧૯ના 'ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં છપાયેલું ડૉ. આંબેડકરનું નિવેદન પણ આ સંદર્ભે જોવા જેવું છે : "સમાજના આગળ પડતા વર્ગોએ દલિતોને શિક્ષણ આપી તેમના મનની અને સામાજિક દરજ્જાની ઊંચાઈ વધારવી એ તેમનું આદ્યકર્તવ્ય છે. જ્યાં સુધી આ નહીં થાય ત્યાં સુધી ભારતીય સ્વાતંત્ર્યદિન દૂર જ રહેશે, એ નિશ્ચિત છે."

આમ વિદ્યાર્થીકાળથી જ કેળવણીનું મહત્ત્વ સમજી ચૂકેલા બાબાસાહેબ અધોગતિની ગર્તામાં ધકેલાયેલા અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે કેળવણીને જ મહત્ત્વનું સાધન, માધ્યમ ગણે છે, ગણાવે છે.

૨૦ જુલાઈ, ૧૯૨૪ના રોજ 'બહિષ્કૃત હિતકારણી સભા'ની સ્થાપના કરનારા ડૉ. આંબેડકરે સભાના ધ્યેય-ઉદ્દેશમાં કેળવણીને પ્રાધાન્ય આપેલું : (૧) છાત્રાલયો દ્વારા અથવા અન્ય સાધનો દ્વારા બહિષ્કૃત સમાજમાં શિક્ષણનો પ્રસાર કરવો. (૨) બહિષ્કૃત સમાજમાં ઉચ્ચ સંસ્કારની વૃદ્ધિ કરવા ઠેકઠેકાણે વાચનાલય, શૈક્ષણિક વર્ગ અથવા સ્વાધ્યાય મંડળ શરૂ કરવા.

કેળવણીપ્રિય બાબાસાહેબે 'બહિષ્કૃત હિતકારીણી સભા' ના નેજા હેઠળ દલિત વર્ગોના વિદ્યાથીઓ માટે સોલાપુરમાં ૪ જાન્યુઆરી, ૧૯૨૫ ના રોજ એક છાત્રાલય શરૂ કર્યું. જેમાં છાત્રોના કપડાં, ખાવા પીવાનો અને શિક્ષણનો ખર્ચ સભા ભોગવતી. આ સંસ્થાના વિદ્યાર્થીઓ 'સરસ્વતી વિલાસ' નામનું એક હસ્તલિખિત માસિક પણ બહાર પાડતા હતા. ઉપરાંત મુંબઈમાં એક વાંચનાલય પણ શરૂ કરવામાં આવ્યું.

મુંબઈ વિધાનસભામાં નિયુક્ત થયેલા ડૉ. આંબેડકરે પોતાના પ્રથમ ભાષણમાં તા. ૨૪ ફેબ્રુઆરી, ૧૯૨૭ના રોજ અંદાજપત્ર ઉપર બોલતા શિક્ષણ વિશેના પોતાના વિચારો આ રીતે રજૂ કર્યા હતા.

"સામાન્ય માણસ માટે શિક્ષણ સુલભ બને એવી વ્યવસ્થા કરવી જોઈએ. નીચલા વર્ગ માટે ઉચ્ચ શિક્ષણ ખર્ચાળ હોવું જોઈએ નહીં. બીજી વાત એ કે નીચલા વર્ગોને ઊપલા વર્ગોની સમકક્ષ લાવવા માટે તેમને સવલતો આપવી જોઈએ. પાંચ અને દશ સંખ્યાને બેના આંકડાથી ગુણવામાં

આવે તો ગુણાકાર ૧૦ અને ૨૦ આવશે. માટે પાંચને બેથી ગુણી દશને એકથી ગુણવો જોઈએ એટલે નીચલા વર્ગને પૂરેપૂરી સવલતો આપી તેમને ઉપલા વર્ગોની સમકક્ષ લાવવા જોઈએ. એમ કરવું એટલે જ સમાનતા".

મુંબઈ વિધાન પરિષદમાં બાબાસાહેબે પ્રૌઢ શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, યુનિવર્સિટી શિક્ષણની ચર્ચા સંદર્ભે ઉઠાવેલા પ્રશ્નોનો જો આપણે અભ્યાસ કરીએ તો આપણને બાબાસાહેબમાં એક વિદ્વાન અને દીર્ઘદૃષ્ટા કેળવણીકારના દર્શન થાય વગર ન રહે. તેમણે બજેટમાં શિક્ષણ માટેની જોગવાઈઓ વધારવા, ગ્રામ્ય અને શહેરી વસ્તી પ્રમાણે સ્કૂલો વધારવા, દરેક ગામમાં શાળા શરૂ કરવા અને જુદા જુદા વર્ગો પ્રમાણે શિક્ષણની વ્યવસ્થામાં ફેરફાર કરવા મૂલ્યવાન સૂચનો કરેલાં. ઉપરાંત પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજ શિક્ષણની સ્થિતિ પ્રગતિશીલ હિંદુઓ, મુસ્લિમો, વચગાળાનો વર્ગ અને પછાત વર્ગ એ ચાર વર્ગોમાં કેવી છે તેની આંકડાકીય માહિતી આપી; આ સ્થિતિમાં સુધારા કરવા કેવા નક્કર કદમ ઉઠાવવા જોઈએ તેની પણ વિગતે ચર્ચા કરી હતી. ઉપરાંત તેમણે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાને બદલે સરકારી અથવા ખાનગી છાત્રાલયોમાં ભણાવવાની હિમાયત કરેલી.

મુંબઈ યુનિવર્સિટી સુધારા વિધેયક અંગે મૂલ્યવાન સૂચનો કરતાં બાબાસાહેબે કહેલું કે, "કૉલેજનો પ્રાધ્યાપકીય સ્ટાફ યુનિવર્સિટી દ્વારા સ્થાપિત પ્રાધ્યાપકીય સ્ટાફ સાથે સુમેળભર્યા સંબંધોથી જોડાયેલો ન હોય તો કૉલેજોને કે યુનિવર્સિટીને કે વિશાળ જનસમુદાયને કશો લાભ થાય એ રીતે કંઈ પણ સંશોધન થઈ શકે નહિ કે જ્ઞાનને ઉત્તેજન મળી શકે નહિ."

આ ઉપરાંત યુનિવર્સિટી સેનેટની રચનામાં પછાત કોમોના પ્રતિનિધિત્વનો મુદ્દો, યુનિવર્સિટીને કૉલેજનું જોડાણ કાપી નાંખવાની જ નહિં પરંતુ ગ્રાન્ટ કાપી લેવાની સત્તા, કુલપતિની નિમણૂક, કૉલેજને ગ્રાન્ટની યુનિવર્સિટી તરફથી ચૂકવણી, જેવા અનેક મુદ્દાઓ સંદર્ભે બાબાસાહેબે પોતાના મૂલ્યવાન અને અભ્યાસુ અભિપ્રાય આપેલા. 'મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ સુધારા વિધેયક' અંગે પણ તેમણે સૂચનો કરેલાં.

શિક્ષણના મહાન કાર્ય માટે તેમણે ૨૦ જુલાઈ, ૧૯૪૫ના દિવસે મુંબઈમાં 'પિપલ્સ એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના કરી અને તેના દ્વારા મરીન લાઈન્સની મિલિટરી બેરેકમાં પતરાના શેડમાં ૨૦ જૂન, ૧૯૪૬ના રોજ 'સિદ્ધાર્થ કૉલેજ'ની શરૂઆત કરી. શરૂઆતનો થોડો સમય સંઘર્ષમાં વીત્યો. કૉલેજ માટેના બિલ્ડીંગની સૌથી મોટી સમસ્યા હતી. દરમિયાન કાયદાપ્રધાન બનેલા બાબાસાહેબને ખબર પડી કે જર્મન અને જાપાન એલચી કચેરીના બે મોટા બિલ્ડીંગો ખાલસા થયેલા પડ્યા છે. ૧૯૫૧માં ફોર્ટ વિસ્તારમાં આવેલા આ મેકબા બિલ્ડીંગ અને અલ્બર્ટ બિલ્ડીંગ ખરીદી બાબાસાહેબે કૉલેજને ત્યાં ખસેડી. આ બન્ને બિલ્ડીંગોના નામો અનુક્રમે 'બુદ્ધ ભવન' અને 'આનંદ ભવન' રાખવામાં આવ્યા. ભારત સરકાર પાસેથી બાબાસાહેબે ત્રણ લાખની ગ્રાન્ટ અને ત્રણ લાખ લોન તરીકે મેળવ્યા હતા. શિક્ષણસંસ્થા તથા સમાજસેવા સેન્ટરના સંકુલ માટેનું ભંડોળ એકઠું કરી તેમણે મિત્રોની આગાહીઓ અને આશંકાઓ ખોટી પાડી. ભારતની અગ્રગણ્ય કૉલેજોમાંની એક પુરવાર થયેલી સિદ્ધાર્થ કૉલેજના સંસ્કૃતના સુપ્રસિદ્ધ પ્રાધ્યાપક એ.બી. ગજેન્દ્ર ગડકરની નિમણૂક કરવામાં આવી હતી. તેવી જ રીતે ખાલસા કૉલેજના પ્રાધ્યાપકવૃંદ ડૉ. કર્ણીક, ડૉ. અનંત કાણેકર, ડૉ. પાટણકર (બધા જ બ્રાહ્મણો)ની સેવાઓ સિદ્ધાર્થ કૉલેજને સાંપડી હતી. સમગ્ર ભારતભરમાંથી ગુજરાતી, મારવાડી, કેરાલી, કર્ણાટકી, પારસી, મુસલમાન તથા તમામ જ્ઞાતિના પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ સિદ્ધાર્થ કૉલેજમાં હતા જે બાબાસાહેબના સમતાવાદી રાષ્ટ્રીય વિચારોનું પ્રતિબિંબ છે. પિપલ્સ એજ્યુકેશન સોસાયટીના નેજા હેઠળ પછી તો અસંખ્ય કૉલેજો અને છાત્રાલયોનું સંચાલન થતું. સંસ્થા વિશાળ વટવૃક્ષ બની હતી. ૧૯૪૬માં ૧૩૬૩ વિદ્યાર્થીઓની સંખ્યા હતી જેમાં ૭૦ વિદ્યાર્થીઓ દલિત હતા. આજે ત્યાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ શ્રી પ્રભાશંકર તેરૈયા આ સિદ્ધાર્થ કૉલેજના વિદ્યાર્થી અને પ્રાધ્યાપક હતા. તેમની પસંદગી થઈ ત્યારે કેટલાક દલિત આગેવાનોએ દલિત પ્રાધ્યાપકની પસંદગી કરવા પર ભાર મૂકેલો પરંતુ બાબાસાહેબે કહેલું, જો દલિત વિદ્યાર્થીઓને હોંશિયાર બનાવવા હશે તો વિદ્વાન અધ્યાપક જ જોઈશે. પછી ભલે તે ગમે તે જ્ઞાતિનો હોય અને એમ શ્રી તેરૈયાની નિમણૂક સંસ્કૃતના અધ્યાપક તરીકે સિદ્ધાર્થ કૉલેજમાં થયેલી.

બાબાસાહેબે હૈદરાબાદના નિઝામ પાસેથી ઓરંગાબાદમાં નજીવી કિંમતે આશરે ૧૬૨ એકર જમીન પ્રાપ્ત કરી. જેમાં જૂન ૧૯૫૦માં રાષ્ટ્રપ્રમુખ રાજેન્દ્રપ્રસાદના વરદહસ્તે મિલિંદ મહાવિદ્યાલયનો પાયો નાખ્યો હતો અને બાર (૧૨) લાખના ખર્ચે ભવ્ય ઇમારતનું નિર્માણ કર્યું હતું. મરાઠાવાડ જેવા તદ્દન પછાત વિસ્તારના ગરીબ લોકોમાં

સર્વપ્રથમ વિદ્યાનું વાવેતર કરી શિક્ષણની સગવડો ઉપલબ્ધ કરી હતી. સમય જતા ત્યાં એક વિશાળ (બધી જ ફેકલ્ટીવાળું) શૈક્ષણિક સંકુલ સર્જાયું હતું. ડૉ. આંબેડકરની નિર્માણશક્તિ અને શિક્ષણપ્રેમનું પ્રતિક હતું આ સંકુલ. સરકારમાં મરાઠાવાડ યુનિવર્સિટીનું સૂચન પણ બાબાસાહેબે કરેલું.

આમ, બાબાસાહેબ આંબેડકરનું કેળવણીકાર તરીકેનું કામ સમગ્ર ભારતવર્ષ માટે ખૂબ જ ઉપકારક સાબિત થયું. તેમણે રચેલાં શૈક્ષણિક સંકુલોમાં જાતિવિહીન-વર્ગવિહીન એવી સમતામૂલક સમાજ રચનાનું યુગપ્રવર્તક કાર્ય થયું. બાબાસાહેબે એક વિદ્વાન કેળવણીકાર તરીકે અમૂલ્ય ફાળો આપ્યો, જે ભારતભૂમિ ક્યારેય નહીં વિસરી શકે.

જૂની મૂડી

# આચાર્યશ્રી ક્ષિતિમોહન સેનનું દીક્ષાન્ત પ્રવચન

ઉદ્યમી અને જાગ્રત લોકો જ ધન્ય છે, નિદ્રાળુ અને અવસાદ-ગ્રસ્ત નહિ. તંદ્રા વિનાના ઉત્સાહશીલ લોકો જ આનંદલોકના અધિકારી છે. કારણ કે ઐતરેય બ્રાહ્મણમાં કહેવામાં આવ્યું છે કે દેવતા તેની સાથે ને સાથે ચાલે છે જે અગ્રેસર થઈને ચાલવા માંડે છે. સૂઈ રહેવું એને જ કલીયુગ કહેવામાં આવે છે. નિદ્રા છોડીને જાગી ઊઠવું ઓ જ દ્વાપર છે ; ઊઠીને ઊભા થવું એ જ ત્રેતા છે અને અગ્રેસર થઈને ચાલવું એ જ સત્યયુગ છે. માટે આગળ ધસો- આગે બઢો.

શક્તિના અભાવની ચિંતા કદી ન કરો. સારા સંસારને પ્રકાશનું દાન કરતા સૂર્યને શું કદી પ્રકાશના અભાવનો અનુભવ થયો છે. જ્યાં જ્યાં તે પ્રકાશનું દાન કરતા આગળ વધતા ગયા છે ત્યાં ત્યાં તેનો પ્રકાશ ભંડાર પૂર્ણ થતો ગયો છે.

હું નથી જાણતો કે ઐતરેય બ્રાહ્મણના "ચરૈવેતિ" મંત્રથી અધિક ગતિશિલ અને શક્તિશાળી મંત્ર જગતની કોઈ બીજી જાતિના શાસ્ત્રમાં છે કે નહિ, હે તરુણ મિત્રો, જીવનમાં જ્યારે પણ તમે અવસાદ અનુભવો, ત્યારે તમે આ મંત્રનું સ્મરણ જરૂર કરજો, તમને અચૂક કોઈ નવી જ શક્તિનો અનુભવ થશે.

જ્યાં સુધી આપણે બેસી રહીએ છીએ ત્યાં સુધી આગળ કે પાછળનો ભેદ બિલકુલ મટતો નથી. માત્ર ચાલવાથી જ આપ ણે અતીત અને અનાગતને, ભૂત અને ભવિષ્યને એક કરી શકીએ છીએ. કાલની સાથે કાલનો અને સમયની સાથે સમયનો જે આ યોગ છે તેને જ અંગ્રેજીમાં synthesis કહે છે અને આપણે લોકો યોગ કહીએ છીએ. આપણા દેશમાં સમસ્ત સાધનાઓમાં શ્રેષ્ઠ સાધના યોગની સાધના છે.

જગતમાં એક મોટી ભારે સંકીર્ણતા છે. પ્રાચીન વર્તમાનનો સ્વીકાર કરતું નથી અને વર્તમાન પણ અતીતની ઉપેક્ષા કરવા ઇચ્છે છે. કોઈ સમજતું નથી કે એકના વિના બીજું લંગડું અને અર્થહીન છે. આજના લોકો કહે છે કે પ્રાચીનમાં કેવળ આચારવિચાર છે; સંયમ છે, શિસ્ત છે. તેમાં ગતિ નથી. જૂના જમાના લોકો કહે છે કે આજના જમાનામાં માત્ર ગતિ જ ગતિ છે, સંયમ નથી. યુરોપે ગતિશિલ વિજ્ઞાનનું શરણ લઈ સંયમશીલ ધર્મને છોડી દીધો છે. કિન્તુ આજે જ્યારે વિજ્ઞાનની હિંસ્ર રાક્ષસી મૂર્તિ પ્રગટ થઈ છે ત્યારે યુરોપને કોણ બચાવશે ? આપણાં આ દેશની દૂર્ગતિ બીજા પ્રકારની છે. આપણે સંયમશીલ ધર્મને પકડી રહી, ગતિશીલ જ્ઞાનવિજ્ઞાનને છોડી અવસાદગ્રસ્ત બની મૃતપાય બની ગયા છીએ.

અસલમાં અંધ-પંગુ-ન્યાયથી બંન્નેનો યોગ આવશ્યક છે. ઘોડાને છોડી દેવાથી લગામ નિરર્થક છે અને લગામ વિના ઘોડો ભયંકર છે. સુકાન વિના કોણ સમુદ્રમાં હોડી છોડવાનું સાહસ કરી શકે છે અથવા જહાજને છોડી સુકાન પકડી રહેવામાં પણ કંઈ બુદ્ધિ ચતુરાઈ છે ? રથ-અશ્વ-ન્યાયમાં આ જ વાત કહેવામાં આવી છે.

આપણા દેશમાં શાસ્ત્ર અને આચારમાં જે સંયમ સૂચવવામાં આવ્યો છે તે ભવિષ્યનાં આપણા માર્ગમાં સાહયક નીવડે એમ છે અને તે મુજબ વર્તીને આપણે તે સંયમ અને આચારને સાર્થક કરીએ.

ભૂત અને ભવિષ્ય બન્નેના મિલનથી જે પરમ સત્ય છે તેની આરાધના જો કરી શકાય તો આપણને અભય મળી શકે છે. તમારી ભીતરમાં જે વિજ્ઞાનમય પરમ જ્યોતિ વિદ્યમાન છે તેનું આવાહન કરીને ઉદ્બોધિત કરો. અંતરમાં બેઠેલા મહાગુરુ વિના એવું બીજું કોઈ નથી જે આ મહા આલોકને આપી શકે. માનવની ભીતરમાં જે ચિન્મય વેદ છે, એકમાત્ર તેના દ્વારા જ પરિપૂર્ણ સત્યની પ્રાપ્તિ થઈ શકે છે. આ વિશ્વ સમસ્તમાં એવું કંઈ જ નથી જે આ અન્તરવેદને માટે અગમ્ય હોય. **(તા.૨૦-૧૦-૧૯૪૦ના રોજ મુંબઈમાં હિન્દી વિદ્યાપીઠના પદવીદાન સમારંભ પ્રસંગે આપેલું પ્રવચન)**

# વિચારક્રાંતિના મહાન જ્યોર્તિધર : ડૉ. બાબાસાહેબ આંબેડકર

– લક્ષ્મણ યુ. વાઢેર,
(શામળદાસ આટ્ર્સ કૉલેજ, ભાવનગર)

દરેક સમાજ વિકાસની ગતિ તરફ રહેવાનું વિચારતો હોય છે. આ માટે સમજી વિચારીને સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ધાર્મિક અને રાજકીય પરંપરાની રચના કરે છે અને તેના જતન માટે પ્રયાસ કરતો રહે છે. સભ્યતાના વિકાસ માટેની આ ઉત્તમ પ્રવૃત્તિ છે. પરંતુ, જ્યારે પરંપરાઓ સર્વવ્યાપક હિતને બદલે કોઈ એક જાતિ, વર્ગ કે સંપ્રદાયના જ હિતોને પોષે છે, ત્યારે સમાજનો વિકાસ અટકી પડે છે.

પ્રાચીન ભારતની વર્ણવ્યવસ્થા, મધ્યકાલની જ્ઞાતિ વ્યવસ્થા અને ધર્માભાસે માનવીનું માનવી દ્વારા શોષણ કરાયું તથા કેટલાકને અપમાન અને અધિકાર વંચિત કરી દીધા હતા. આ સ્વાર્થી હિતોથી સડતી પરંપરાઓને જડમૂળમાંથી ઉખેડી ફેંકવાનો પ્રથમ પ્રયાસ ગૌતમ બુદ્ધે કર્યો હતો. આમ ભારતમાં વિચારક્રાંતિનો પ્રારંભ બુદ્ધ થકી થયો હતો. મહાત્મા જ્યોતિબા ફૂલે અને ડૉ. બાબાસાહેબ આંબેડકરે આ ક્રાંતિને પ્રસરાવી.

આધુનિક યુગમાં વિચાર ક્રાંતિના મહાન જ્યોર્તિધર ડૉ. આંબેડકરને ગણાવી શકાય. તે માનવીના માનવી તરીકેના અધિકારો વિશે હઠાગ્રહી હતા. માનવીએ માનવીની જે દુર્દશા કરી હતી તેનાથી તે વધારે દુ:ખી હતા. તેમણે સચોટ, સ્પષ્ટ, તર્કલક્ષી વિચારો અને અદ્‌ભુત વ્યવહાર દક્ષતાનો અભિગમ અપનાવી, દલિતો-પીડિતો અને સ્ત્રીઓનો ઉદ્ધાર કર્યો છે. મુક્તિદાતા, પ્રખર ચિંતક, નીડર નેતા અને આર્ષદૃષ્ટા તરીકેનું સ્થાન તેમના તેજસ્વી વ્યક્તિત્વને લીધે છે.

તે બહાદુર હતા પરંતુ આંધળુકિયા નહોતા. ગાંધીજી અને તેમના સાથીદારો માટે એ બંડખોર દેખાતા હતા, વાસ્તવમાં તે એવા નહોતા. તેઓ સુધારાઓને બદલે ક્રાંતિકારી પરિવર્તનના હિમાયતી હોવાથી એ સમયના લોકો તેમના વિચારને સ્વીકારી લેવા તૈયાર નહોતા. ડૉ. આંબેડકર ભારતમાં એક આદર્શ સમાજનું નિર્માણ થાય એમ ઇચ્છતા હતા. તે કહે છે, “એક એવો સમાજ કે જેમાં ન્યાય, બંધુતા, સમતા અને સ્વતંત્રતા હોય. કોઈ વિચારવાન માણસે તેનો ઇન્કાર કરવો નહિ. બંધુતાનો અર્થ એ છે કે દેશમાં જન્મનારા બધા જ લોકો પરસ્પર ભાઈ-ભાઈ છે અને બધાનો પિતાની મિલકતની જેમ દેશની સંપત્તિમાં સમાન અધિકાર છે. જીવન માટે આવશ્યક ભોજન, રહેઠાણ, સારી આરોગ્ય સેવા, તેમજ શિક્ષણ માટે સમાનરૂપે હકદાર છે અને તેનું નામ બંધુતા કે ભાઈચારો કે તેનું બીજું નામ લોકશાહી છે.”

તેઓ કલ્પનાને બદલે વાસ્તવિક સંસ્કૃતિની હિમાયત કરનારા હતા. પોતાના વિચારો દ્વારા નક્કર અને યોગ્ય વિચાસરણીવાળા નાગરિકોને તૈયાર કરનારી સંસ્કૃતિના ઉદ્‌ઘોષક હતા. તેઓની સામાજિક ભાવના ઉમદા હતી.

તેઓમાં કરુણાનો રસ એટલો હતો કે, હથોડાના થડકા, સાવરણા, કાઠલા, કરવતો, ચાકડા, ધમણોની લયબદ્ધતા, માથે ઉંચકેલા ભારથી થતાં ઊંહકારા, ખેતરોમાં પરસેવાથી ઉઠતા ત્રાહિમ પોકારો, ઘરમાં પુરાયેલી ચાર દીવાલોમાં મૂરઝાતી સ્ત્રી વેદના, નદીકિનારે ધોબી ઘાટના અવાજો તથા મહારો અને ચમારોના વ્યવસાયની ગંધથી સતત અકળાતા હતા. આ શ્રમજીવીઓની કાર્ય પ્રત્યેની નિષ્ઠા એટલી હદ સુધી હતી કે પોતાના પ્રાણતત્ત્વને નિચોવી નાખતા હતા. છતાંય વળતરમાં અપમાન, તિરસ્કાર, ભૂખ, ચાબૂક અને નાન્યેતર જાતિની ઓળખ મળતી હતી. તેઓ લોકોના પરિશ્રમને યોગ્ય આદર અને વળતર મળે એ વિચારની હિમાયત કરવાના આગ્રહી હતા.

તેઓ પોતાનાં ભાષણોમાં તાલીઓ પડાવવા માંગતા નહોતા. પરંતુ લોકોને વિચાર કરી મૂકવામાં માનતા હતા. એમનું એક પણ વાક્ય શુષ્ક નહોતું, કારણ કે એમના શિરે આ દેશના કરોડો દલિતો-પીડિતનો પ્રશ્ન હતો. વળી પોતાની વાતને લોકમત મળે છે કે નહિ એ જોવાને બદલે લાંબે ગાળે પણ પોતાનાં કાર્યોથી લોકકલ્યાણ કેટલું થશે એ ચિંતા તે કરતા હતા.

તેઓ ગાંધીજીને પણ કહેતા હતા કે, “દલિતોને શિક્ષણ તરફ વાળો, સંસ્કાર ઘડતર થાય એમ કરો, એમને આર્થિક મદદ મળે તેમાં સહાયતા આપો, એમને રાજકીય હકો આપો, એમના માનવીય અધિકારોનું સંરક્ષણ કરો, આવી પ્રવૃત્તિઓમાં હું આપની સાથે જ છું.” આમ તેઓ ભારતના દલિત સમાજના સાચા ઉદ્ધારક તથા પુરૂષાર્થના પ્રતીક હતા. ગાંધીજીની સામે વિવાદનું કારણ પોતાનો કોઈ અંગત સ્વાર્થ નહોતો, તેના મૂળમાં દલિત ઉત્થાનનો પ્રશ્ન જોડાયેલો હતો. આજે દલિતો ગાંધી અને આંબેડકરને બે છેડા ગણીને મૂલ્યાંકન કરે છે, એ મારી દૃષ્ટિએ યોગ્ય નથી. કારણ કે એકને દેશની સ્વતંત્રતાની ચિંતા હતી. બીજાને પાંચ હજાર

વરસથી ગુલામીની બેડીથી જકડાયેલા લોકોની ચિંતા હતી.

ગાંધીજીના ઉપવાસ સમયે આંબેડકરે કહ્યું હતું કે, "આપ સૌ લોકો દુઃખી છો એના કરતાં વિશેષ દુઃખી હું છું. કરોડો કંગાલ અછુતોના હિતની વિરુદ્ધ ગાંધીજી ઉપવાસ કરે છે, છતાંય કોઈપણ ભોગે ગાંધીજીના પ્રાણની રક્ષા થવી જોઈએ. પરંતુ ગાંધીજીના પ્રાણ બચાવવા માટે સદીઓથી બહિષ્કૃત થયેલા શોષિતોનું મારાથી અહિત થઈ શકશે નહિ. આ નિર્ણયક ઘડીએ જો હું ફરી બેસું તો ઇતિહાસ મને કદી માફ નહિ કરે. મારા માથા ઉપર વિશ્વાસઘાતનું પાપ એ હડધૂત સમાજનું ભવિષ્ય હંમેશના માટે અંધકારમય બની જશે. મેં મારા હાથમાં જે કામ લીધું છે, એમાંથી હું પાછો ફરું તો મારા માથા ઉપર વિશ્વાસઘાતનું પાપ ચડે. તમારે મને ફાંસીએ ચડાવવો હાય તો ચડાવી દો" તેઓ આજના નેતા જેવા સ્વાર્થી, તરકટી, બહુરૂપી, બીકણ અને બીજાનો ભોગ ચડાવી દેનારા નહોતા. ગાંધીજીના ઉપવાસ સમયે અનેક લોકો ધૂંઆપૂઆ હતા, ત્યારે પણ ડૉ. આંબેડકરે નીડરપણે પોતાની વાતનો સ્વીકાર કરવાની બધા નેતાઓને ફરજ પાડી હતી.

બાબાસાહેબના વિચારો અને પ્રવૃત્તિઓ એટલી તેજોમય હતી કે અંગ્રેજ લોકો ભારત દેશના નેતાઓને 'ગુલામ' તરીકે સંબોધન કરવામાં અચકાતા નહોતા. એકમાત્ર ડૉ. આંબેડકરથી તેઓ એટલી હદ સુધી પ્રભાવિત થયા હતા કે ડૉ. આંબેડકર ઇંગ્લેન્ડમાં જઈને પણ ભારતની સ્વતંત્રતા વિશે બોલતા હતા, છતાંય અંગ્રેજો તેમને સન્માનની દૃષ્ટિથી જોતા હતા. ડૉ. આંબેડકર અંગ્રજોની બુદ્ધિ પ્રતિભા કરતા મુઠ્ઠી ઊંચેરા માનવી હતા. આ સિદ્ધિ દેશના નેતાઓને આંખના કણાની માફક ખટકતી હતી. એકમાત્ર ખેડૂતપુત્ર સરદાર વલ્લભભાઈ પટેલ ડૉ. આંબેડકરના બુદ્ધિ તેજથી પ્રભાવિત થયા હતા, અને તેથી જ બંધારણસભાને મુસદો ઘડનારી સમિતિના અધ્યક્ષપદ માટે તેમના નામનું સૂચન કર્યું હતું. આજે દેશમાં એવા કેટલાક લોકો છે જે ઘણી યુક્તિ-પ્રયુક્તિઓ યોજીને ડૉ. આંબેડકરના પ્રદાનને ભૂંસી નાખવા પ્રયત્નશીલ થાય છે. પરંતુ ડૉ. આંબેડકરનું કાર્ય નિઃસ્વાર્થ પ્રકાશપૂંજ જેવું રહ્યું છે.

તે પહેલી એવી વ્યક્તિ હતી કે, જેમણે ભારતમાં યુરોપીય વિચારસરણી પ્રમાણેના લોકશાહી વિચારોની ભારે હિમાયત કરી છે. સુઘડ રીતભાતના નિયમો અઘરામાં અઘરા પ્રશ્નોનો ઉત્તર આપી શકે છે એ વિચારમાં તેઓને તથ્ય દેખાતું હતું.

તેઓ લોકશાહીમાં વ્યક્તિપૂજાને બિલકુલ પ્રોત્સાહન આપવા માંગતા નહોતા. કારણ કે લોકશાહી રાજ્ય વ્યવસ્થામાં તો નાનાં નાનાં વર્તુળોમાં વિવિધ પ્રકારના કાર્યકુશળ, સર્જનશીલ માણસો પોતાની આવડત બતાવી સફળતા મેળવે તે વધારે જરૂરી છે.

દેશના આ સંવિધાનકર્તાએ એક વાતનું ખાસ ધ્યાન રાખ્યું હતું કે દંડનીતિનો ઝાઝો ઉપયોગ ન કરવો પડે તો જ માનવસમાજ સંસ્કૃતિ પોષક સાધનોની ઉપાસના કરે છે, અને ત્યારે માનવ વધારે સભ્ય બને છે. માણસની સભ્યતાને વિકસિત દશામાં લઈ જવાનો તેમણે ઉત્તમ પ્રયાસ કર્યો છે. સંકુચિત રાજકારણ આ વિચારોને સમજવા અને સમજાવવામાં થાપ ખાઈ ગયું છે.

દેશમાં પૂજાની ભાવના અને નિંદાની ભાવના એક સરખી ચાલે છે. પરંતુ એક વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે કે મહાન કાર્ય કરનારા વ્યક્તિ કઈ જ્ઞાતિ અને કયા સંપ્રદાયમાંથી આવે છે. અને પછી જ નક્કી કરવામાં આવે છે કે તેમના પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ કરવો કે નિંદાભાવ ! જે વ્યક્તિએ દેશનું વાસ્તવિક ઘડતર કર્યું છે તેની તો પ્રશંસા થવી જોઈએ.

ડૉ. આંબેડકર રાષ્ટ્રીય એક્તાના હિમાયતી હતા. પરંતુ એવી એકતા તેઓ ઇચ્છતા નહોતા કે જેમાં શોષણ અને ભય બંનેનો સંગ્રહ કરવામાં આવે. તેમની રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ અજોડ હતી. ભારતની એક્તામાં તેઓ પૂર્ણ વિશ્વાસ ધરાવતા હતા. ભારતના બંધારણના ઘડતર સમયે રાષ્ટ્રીય એકતા ઉપર ખૂબ ભાર મૂક્યો. હિન્દુ કોડ બિલ માટે તો તેઓએ મંત્રીમંડળમાંથી રાજીનામું આપી દીધું હતું.

ડૉ. આંબેડકરે બધા જ ધર્મોનાં મૂળતત્ત્વોનો અભ્યાસ કર્યો હતો. સામાજિક ચેતના માટે નડતરરૂપ ધર્મતત્ત્વ સામે તેમની ભૂમિકા બળવાખોર તરીકેની રહી છે. તેઓ જ્ઞાન, કરૂણા, સમાનતાના તત્ત્વ ધરાવતા ધર્મથી આકર્ષિત થયા હતા.

ભારતના ભાગલા પાડી પાકિસ્તાનને અલગ આપી દેવાથી શાંતિ સ્થાપી શકાશે, એમ સમજનારા દેશના નેતાઓના આ નિર્ણયને તેમણે અણઘડ ગણાવ્યો હતો. આ અંગેની તાર્કિક દલિલો પોતાના પુસ્તકમાં કરી છે.

ચલણ, વ્યાપાર, ખેતીના ક્ષેત્રનું રાષ્ટ્રીયકરણ જેવી મહત્ત્વની આર્થિક બાબતોનું ચિંતન તેમના અર્થશાસ્ત્રના ઊંડા અધ્યયનનો પરિચય આપે છે.

લોકશાહીમાં સાચો નેતા કોને કહેવો ? આ અંગેનું ડૉ. આંબેડકરનું કથન વર્તમાન સમયના લોકોને ચેતવણીરૂપ છે. તેઓ કહે છે કે, "આજે તો મહાન માણસ શોધવો એ મુશ્કેલ કાર્ય છે, કારણ કે હવે તો વર્તમાનપત્રોનો સહારો મળે એટલે મહાપુરુષ બની શકાય છે. વર્તમાનપત્રો મહાપુરુષો પેદા કરે છે. આપણે આપણા મહાપુરુષોની પૂજા કરતાં પહેલા થોડીક

તકેદારી રાખવી પડશે, કારણ કે આપણે એવા તબક્કા ઉપર આવીને ઊભા છીએ કે જેમ, 'ખિસ્સા કાતરૂઓથી સાવધાન' એવા નોટીસ બૉર્ડ મૂકવા પડે છે તેમ 'મહાપુરુષોથી સાવધાન' એવુંય હવે લખવું પડશે. મારા વિચાર તમને કેટલા માન્ય છે તે હું કહી શકું નહિ, પરંતુ લોકોનું હિત કઈ બાબતમાં છે અને કઈ બાબતમાં નથી, એ બાત જે માણસ નિર્ભયપણે કહી શકે તે જ ખરો નેતા કહેવાય." આજે દેશમાં જાતિવાદી નેતૃત્વ, માનવીય સદાચાર અને સદ્ભાવનાની હત્યા કરી નાખવા માટે નેતૃત્વની રક્તરંજિત ધારને તેજ કરી રહ્યું છે ત્યારે તેમાંથી ઊગરી જવાનો માર્ગ વિચાર અને વ્યવહાર ક્રાંતિના મહાન જ્યોતિર્ધર ડૉ. આંબેડકરે બતાવ્યો છે.

(

# બાબા સાહેબનો અદ્ભુત પુસ્તક પ્રેમ

— યુ. આર. રાવ, અનુવાદ : સૂર્યકાંત વૈષ્ણવ

ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં પુસ્તકોની પ્રકાશન સંસ્થા, ઠાકર એન્ડ કંપની લિમિટેડ, મુંબઈના પ્રકાશન વિભાગનો ૧૯૪૫થી ૧૯૪૯ સુધી હું પ્રકાશન સલાહકાર હતો. આ કારણે મને ડૉ. આંબેડકરને અનેકવાર મળવાનો અવસર મળ્યો.

ડૉ. આંબેડકરના પુસ્તકપ્રેમની સરખામણી જો કોઈ ચીજ સાથે કરી શકાય તો એ છે એમની વ્યાપક વિદ્વતા, ત્યાગ અને સમર્પણ. તેમણે પોતાનું એક ખાનગી પુસ્તકાલય ઊભું કર્યું હતું. ડૉ. આંબેડકરના પુસ્તકોની ઘણી બધી આવૃત્તિઓ છપાતી હતી અને ખૂબ વેચાતી પણ હતી તો પણ એમણે ઠાકર પ્રકાશનની (મુંબઈ) પાસેથી પોતાની રોયલ્ટીની સંપૂર્ણ નહીં; આંશિક રોકડ રકમ ક્યારેય લીધી નથી. તેઓ પોતાની રોયલ્ટીનો એક મોટો ભાગ પુસ્તકો ખરીદવામાં લગાડી દેતા હતા. હકીકતે એક સમય એવો આવ્યો કે જ્યારે, એમની પુસ્તક ખરીદીની રકમ એમની જમા રોયલ્ટી કરતા વધી ગઈ અને તેઓ ચિંતામાં ડૂબી ગયા.

જ્યારે પણ તેઓ શહેરમાં હોય ત્યારે તરત પુસ્તક વિભાગને મળી જતા અને ત્યાંના મદદનીશ એમની પસંદગીના અનેક વિષયો પર પ્રાપ્ય અદ્યતન પુસ્તકો એકત્ર કરવા લાગી જતા. જ્યારે તેઓ પુસ્તક વિભાગમાં પહોંચતા ત્યારે પુસ્તકોના ત્રણ-ચાર ઢગલા એમની આરામ ખુરશી પાસે જમા કરીને રાખવામાં આવતા. તેઓ ખુરશીમાં બેસતા અને પુસ્તક વિભાગના વ્યવસ્થાપક એમને જે પુસ્તકો પકડાવતા તેના પર નજર નાખી એનો સ્વીકાર કે અસ્વીકાર 'હા' અથવા 'ના' કહેતા જતા. જ્યારે તેઓ આમ એક-બે કલાક વિતાવી નાખતા તો 'હા' નો ઢગલો થઈ જતો અને દાઢી સુધી ખડકાયેલા પુસ્તકોના ઢગલા એમની કાર સુધી પહોંચાડવા માટે બે-ત્રણ પટાવાળાની જરૂર પડતી.

## ભારતનો સાંસ્કૃતિક વારસો

હું બીજી સંસ્કૃતિઓથી દૂર રહેવાનું કે આપણી આસપાસ દીવાલો ખડી કરવાનું નથી કહેતો. એવો વિચાર મને ક્યારેય આવ્યો નથી. પણ હું એટલું જરૂર કહીશ કે આપણી પોતાની સંસ્કૃતિની કદર કર્યા પછી જ અને તેને પચાવ્યા પછી જ આપણે બીજી સંસ્કૃતિઓની કદર કરી શકીએ; તે પહેલાં નહીં. મારો દૃઢ મત છે કે આપણી સંસ્કૃતિ પાસે જેટલા સમૃદ્ધ ભંડારો છે તેટલા બીજી કોઈ સંસ્કૃતિ પાસે નથી. આપણે આપણી સંસ્કૃતિને પિછાની નથી. ઊલટું આપણને તેના અભ્યાસ પ્રત્યે સૂગ કેળવવાનું અને તેની કિંમત ઓછી આંકવાનું શીખવવામાં આવ્યું છે. આપણે આપણી સંસ્કૃતિ મુજબ આચરણ કરતા લગભગ અટકી ગયા છીએ. આચરણના પીઠબળ વિનાનું ખાલી પાંડિત્ય મસાલો ભરીને રાખેલા મડદા જેવું છે, જે જોવામાં કદાચ સુંદર લાગે, પણ પ્રેરણા આપે કે ઉન્નત કરે એવું કશું તેમાં ન મળે. મારો ધર્મ મને મારી સંસ્કૃતિ પચાવીને તે મુજબ જીવન ગાળવાનો અનુરોધ કરે છે. આપણી સંસ્કૃતિ અનુસાર ન જીવીએ તો એક સમાજ તરીકે આપણે આપઘાત વહોરી લઈશું. **મારો ધર્મ જેમ મને મારી સંસ્કૃતિ મુજબ જીવવાનો આદેશ આપે છે તેમ બીજી સંસ્કૃતિઓને ઉતારી પાડવાની કે તેમની અવગણના કરવાની મના કરે છે.**

**— ગાંધીજી** (મારા સ્વપ્નનું ભારત)

# ભારતીય શિક્ષણ પરંપરા અને દૂરવર્તી શિક્ષણ

– **સંજય પટેલ,** આસિ. પ્રોફેસર (સમાજશાસ્ત્ર)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.

પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિમાં મનુષ્યના સર્વાંગી વિકાસનો ખ્યાલ સહજ રીતે ગૂહિત હતો. ચારિત્ર્ય નિર્માણ, ધર્મવિશ્વાસ, ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા અને દરેક નાગરિકોના પોતાના સામાજિક કર્તવ્યો અને રાષ્ટ્રીય સંસ્કૃતિનું સંરક્ષણ વગેરે પ્રાચીન સમયની શિક્ષણ પદ્ધતિના મુખ્યો ઉદેશો અને આદર્શો હતા. ગુરુ - શિષ્ય પરંપરાની આ પદ્ધતિમાં પ્રારંભિક શિક્ષણ સંસ્કૃતના સાધારણ જ્ઞાન પૂરતું સીમિત હતું. શિક્ષણના પ્રારંભ માટે બાળકનું પાંચમું વર્ષ ખૂબ જ ઉત્તમ માનવામાં આવતું હતું અને બાળકનું સામાજીકરણ માટેનું શિક્ષણ કુટુંબ દ્વારા જ થતું. સમયના બદલાવની સાથે આચાર્ય અથવા પુરોહિત દ્વારા બાળકને જે શિક્ષણ આપવામાં આવતું હતું તેમાં ગણિત, વ્યાકરણ, ઉચ્ચારણ અને છંદના શિક્ષણનો સમાવેશ થતો હતો. આ સમગ્ર શિક્ષણ આશ્રમજીવન પદ્ધતિથી ભણાવવામાં આવતું હતું. તેમાં વિદ્યાર્થી પ્રાતઃકાળે ઊઠીને પોતાની નિત્યક્રિયા પતાવી પ્રાર્થનાથી લઈને હોમ-હવન, ભોજન, વિશ્રામ અને અભ્યાસકાર્ય સાંજ સુધી કરતો. દરેક વિદ્યાર્થીઓને મૂર્તિકલા ચિત્રકલા જેવી વિવિધ કલાઓનું ગુરુના આશ્રમમાં શિક્ષણ અપાતું તે સમયે ચિકિત્સાશાસ્ત્ર, યુદ્ધકલા તથા ગણિતનું પણ શિક્ષણ સારી રીતે આપવામાં આવતું હતું. વર્ણાશ્રમ વ્યવસ્થામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણમાં માનવીના ગુણ, કર્મ, સ્વભાવથી ચાર મુખ્ય બાબતો કેન્દ્રમાં હતી. બૌદ્ધિક, શારીરિક, આર્થિક અને સેવા આ ચાર પ્રકારના કાર્યો માટે પાછળથી ચાર વર્ણો બની ગયા. આ પ્રકારના કામની વહેંચણી થવાથી લોકો પોતાના કામની નિપુણતાને કારણે તેમજ જન્મજાત રૂચિ અને સમર્થતા હોવાથી પારંપારિક સંઘર્ષ વિના લોકકલ્યાણના કામોમાં જોડાઈ ગયા અને વર્ણવ્યવસાયની સાથે સાથે આશ્રમ-વ્યવસ્થા પણ ઊભી થઈ ગુરુકુળોની વાત કરીએ તો તે સમયે મકાનો બનાવવા માટે જંગલના સંસાધનોનો ઉપયોગ કરવામાં આવતો ઉપરાંત આ આશ્રમ-વ્યવસ્થાના ખર્ચને પહોંચી વળવા માટે રાજયના રાજા અને શ્રીમંતો દ્વારા એમને આર્થિક સહાય આપવામાં આવતી જેથી આશ્રમને આર્થિક તંગી ન પડે. સાર્વજનિક શિક્ષણસંસ્થાઓની શરૂઆત બૌદ્ધમઠોની સ્થાપનાથી થઈ હતી. પછી નાલંદા, વિક્રમશીલા વગેરે જેવી વિદ્યાપીઠો પ્રસિદ્ધ બૌદ્ધવિહારો ખૂબ જ મોટા વિદ્યાકેન્દ્રો બન્યા. ભગવાન બુદ્ધના સમયથી લઈને ઈ.સ. ૧૨૦૦ સુધી ઉચ્ચશિક્ષણમાં વિદ્યાર્થી પોતાના ઘરથી અલગ થઈને બૌદ્ધ સંઘોમાં પ્રવેશ કરે છે. બૌદ્ધયુગ દરમિયાન સ્ત્રી શિક્ષણને પણ મહત્ત્વ આપવામાં આવ્યું. બૌદ્ધ વિહારોમાં ચોવીસ કલાક શિક્ષણકાર્ય ચાલુ રહેતું. તે સમયની શિક્ષણપદ્ધતિ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હતી. ઈ.સ. ૧૧૯૨માં મુસ્લિમ શાસન અમલમાં આવ્યું અને ભારતીય શિક્ષણપ્રણાલીમાં અનેક ફેરફારો થયા અને ઉત્કૃષ્ટ વિદ્યાપીઠો અને શિક્ષણવ્યવસ્થાઓ પડી ભાંગી. ઈ.સ. ૧૫૨૬ સુધી ભારતમાં સુલતાનોનું રાજય સ્થપાયું હતું. અને ઈ.સ. ૧૫૨૬માં ઈબ્રાહીમ લોદીને હરાવી બાબરે મોગલવંશની સ્થાપના કરી. આ સમયગાળામાં મુસ્લિમશિક્ષણને મહત્વ અપાયું અને તેથી સંસ્કૃત અને પ્રાકૃતભાષાઓનું શિક્ષણ ક્ષીણ થતું ગયું અને ફારસીભાષાના શિક્ષણને ઉત્તેજન મળ્યું. ધર્માંતરણની પ્રવૃત્તિ પણ થઈ. હિન્દુ-મુસ્લિમ બંને સંસ્કૃતિનો સમન્વય થયો અને એમાંથી નવી ભાષા જન્મી જેને આપણે ઉર્દૂ કહીએ છીએ. આ સમયગાળા દરમિયાન શિલ્પકલાના શિક્ષણનો તેમજ ૧૬મી ૧૭મી સદીમાં સાહિત્યનો ખૂબ જ વિકાસ થયો. ૧૮મી સદી પહેલાં જ અનેક વિદેશી પ્રવાસીઓ નવા દેશોની શોધમાં ભારત આવી પહોંચ્યા. સર ટૉમસરો. વાસ્કો-દ-ગામા વગેરે પ્રવાસીઓએ પોતાના વેપારી થાણાં સ્થાપ્યાં. ફ્રેંચ અને અંગ્રેજોનું આગમન થયું. યુરોપીયનોના આગમનના કારણે ખ્રિસ્તીધર્મ પ્રચારપ્રસારની પ્રવૃત્તિ વિસ્તરતી થઈ. દીવ, દમણ ગોવા જેવા સ્થળોએ ખ્રિસ્તી બનેલ લોકો માટે શિક્ષણ આપવા વિવિધ વિદ્યાલયો સ્થાપ્યા, અંગ્રેજો અને ભારતીય સમાજસુધારકોના પ્રયાસોથી ઈ.સ. ૧૮૧૬માં કલકત્તામાં હિન્દુકોલેજની સ્થાપના કરવામાં આવી અને ઉચ્ચકક્ષાએ અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયો. ઉપરાંત મદ્રાસ અને મુંબઈમાં પણ યુરોપીયશિક્ષણ આપવાનું ચાલુ થઈ ગયું. કેટલેક અંશે આ શિક્ષણનો વિરોધ પણ થયો. ભાષાકીય સમસ્યાઓ થઈ. કેટલાય વિવાદો થયા. અને આ વિવાદોની વચ્ચે મેકોલેએ વિવાદના અંત કરતાં નવી શિક્ષણપદ્ધતિનો આરંભ કર્યો જેમાં ભારતીય તેમજ અન્ય સાહિત્યને ખૂબ જ મોટા પાયા પર નિરર્થક, નિરાધાર મૂર્ખતાપૂર્ણ અસત્ય તથા અસંભવ બતાવતાં કહ્યું કે, 'અમે એમ ઈચ્છીએ છીએ કે ભારતીયો કેવળ રંગમાં જ ભારતીય રહે, પરંતુ ખાન-પાન, રહન-સહન, આચાર-વિચાર બધી વાતોમાં પૂર્ણતઃ અંગ્રેજ બની જાય.' અંગ્રેજી કેળવણી અને શિક્ષણનું અંગ્રેજી માધ્યમ બનવાના કારણે ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય સભ્યતા પર વિઘાતક અસર ઊભી

થઈ. જો કે પૂર્વ-પશ્ચિમના શુભ તત્વોનો સમન્વય થવાથી રાજકીય નવજાગૃતિ આવી. એ એનાથી ભારતની સ્વતંત્રતા તરફની ગતિમાં ઝડપ આવી.

આજે આઝાદી પછી પરિણામ જોઈ શકાય છે કે જે કામ શિક્ષણમાં બંધારણ મુજબ દસ વર્ષમાં કરવાનું હતું. તે આજ સુધી નથી કરી શક્યા આજે સર્વને શિક્ષણ આપવાનો કાયદો છે. પરંતુ શિક્ષણ પૂરું પાડી શકતા નથી. ૨૧મી સદીમાં શિક્ષણનું સ્વરૂપ કેવું હશે ? યુનેસ્કો દ્વારા આ મુદ્દાને સમજવા માટે ડેલોર્સ આયોગની રચના કરવામાં આવી. અને તે અનુસંધાને 'લર્નિંગ-ધ ટ્રેઝર વિધીન' એમાં કહ્યું કે દરેક દેશે પોતાના દેશની શિક્ષણપ્રણાલીનું મૂલ્યાંકન કરવું જોઈએ અને શિક્ષણ દ્વારા સમરસતા આવે એવી શિક્ષણ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આજે દેશમાં એવો કોઈ વર્ગ, સમુદાય કે સમૂહ નથી જે પોતે પોતાના બાળકોને સારું શિક્ષણ આપવા ન ઈચ્છતો હોય આજે લોકો સારા શિક્ષણની આવશ્યકતાને સમજે છે. અને શાળાકીય ગુણવત્તાની વાત કરીએ તો એવો ખ્યાલ પણ ઉદ્ભવ્યો છે કે જે સંસ્થા સૌથી વધુ ફી, દાન કે અનુદાન સ્વરૂપે લઈ લે છે તેને જ સારામાં સારી માનવામાં આવે છે. ભારત ગામડાઓનો બનેલો દેશ છે. આજે ભારતની મોટાભાગની વસ્તી ગામડાઓમાં વસે છે. તેથી સ્થાનિક સમુદાયમાં વસનારી વસ્તીમાં ગરીબી, નિરક્ષરતા અને આરોગ્યની સૌથી વધુ સમસ્યા છે. એક બાજુ ભારત ખૂબ જ સમૃદ્ધિમાં આળોટે છે. બીજી બાજુની કરુણતા એ છે કે લોકો એક ટંકના ભોજન માટે વલખાં મારે છે. આર્થિક વિષમતા અને સામાજિક પછાતપણું વર્તમાન ભારતની મોટી સમસ્યા છે. શિક્ષણથી વંચિત એવા સમુદાયની સંખ્યા વિશાળ છે. સરકારે વંચિતોના વિકાસ માટે અને લોકો ઉચ્ચશિક્ષણથી વંચિત ન રહે એ માટે ઑપનસ્કૂલ તથા ઑપન યુનિવર્સિટીની સ્થાપના કરેલી છે. અને તેમાં દૂરવર્તીશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે, જે ટેકનીકલ સંસાધન તથા ઉચ્ચ ગુણવત્તાવાળી શિક્ષણ પદ્ધતિથી અંતરિયાળ વિસ્તારો, ગામડાઓમાં શિક્ષણકાર્યની ફરજ બજાવી રહી છે. આજે રાજ્યમાં એવાં પણ ગામડાં છે. જેમાં ઉચ્ચશિક્ષણ મેળવવા માટે કેટલાય કિલોમીટર ચાલવું પડે છે. જે આઝાદ ભારતની કરુણતા છે. આ પ્રકારની વિકટ પરિસ્થિતિ હોવાથી કોઈકવાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકતા નથી. અથવા શાળામાં હાજરી આપી શકતા નથી. અને આવાગમન કરવામાં પણ ઘણી મુશ્કેલીઓ નડે છે. આવી સ્થિતિમાં આદર્શ વિકલ્પ તરીકે દૂરવર્તી શિક્ષણ આપતી સંસ્થા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ગુજરાત સરકારે સ્થાપિત કરી છે. એમાં વિદ્યાર્થીઓ પોતે કેટલીક પરિસ્થિતિઓને કારણે ઉચ્ચશિક્ષણ લેવાનું રહી ગયું હોય તેમને માટે ખુલ્લી વિદ્યાપીઠ ખૂબ જ મહત્ત્વનું કામ કરી રહી છે. આ ખુલ્લી વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ પોતાની ઈચ્છા અનુસાર વિષય પસંદ કરી પોતાના શિક્ષણકાર્યને આગળ વધારી શકે છે. અને પોતાના સ્વપ્નોને સાકાર કરી શકે છે. ખાસ કરીને જે રાજ્યના દૂરના કે છેવાડાના અંતરિયાળ વિસ્તારો છે, જ્યાં ઉચ્ચશિક્ષણની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં આવી ઑપન યુનિવર્સિટી ખૂબ જ અસરકારક શિક્ષણકાર્ય કરી રહી છે. તથા સમાજના જે નબળાવર્ગો છે. જેને આર્થિક તંગી હોવાથી પ્રવેશ લઈ શકતા નથી. તેમને માટે શિષ્યવૃત્તિ પણ એનાયત કરે છે. એટલે કે 'સૌ ભણે સુખ લણે'નું સૂત્ર સાકાર થતું જણાય છે.

દૂરવર્તીશિક્ષણ અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જાતિઓ માટે ખૂબ જ લાભદાયક સાબિત થયું છે. મોટેભાગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પછી ડ્રોપ આઉટનો રેશિયો જ્યાં સૌથી વધુ છે ત્યાં ઉચ્ચશિક્ષણથી આ સમૂહો પાછળ રહી જવા પામ્યા છે. અને તેથી આવી ખુલ્લી વિદ્યાપીઠ આવા સમાજો માટે આશીર્વાદ રૂપ બને છે. કારણ કે પોતે વ્યવસાય સાથે જોડાવવાની સાથે સાથે ઉચ્ચશિક્ષણની ડિગ્રીઓ પ્રાપ્ત કરીને તેઓ પોતાના વ્યક્તિત્વનો તેમજ કુટુંબ અને સમાજનો સામાજિક-આર્થિક વિકાસ કરી શકે છે.

શહેરી તેમજ ગ્રામવિસ્તારોના નીચલા અને પછાત વર્ગોના બાળકો તથા ખાસ તો આદિવાસી વિદ્યાર્થીઓ પરંપરાગત ઉચ્ચશિક્ષણની ઝાકઝમાળમાં પરાયાપણાની લાગણી અનુભવે છે. અને તેથી ખુલ્લીવિદ્યાપીઠ આવા ઉચ્ચશિક્ષણથી વંચિત વિદ્યાર્થીઓ માટે એમના પોતાના જ સ્થાનિક વિસ્તારોમાં કેન્દ્રો ઊભા કરી ઉચ્ચશિક્ષણ મેળવવાની વ્યવસ્થા કરી આપે છે. ત્યાં એ પોતે પોતાનું વાતાવરણ, પોતાનો સમાજ અને પોતાના લોકો સાથે રહીને ભણી શકે છે. જે વિદ્યાર્થીના વિકાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે. અને પોતે મહેનતુ હોવાથી એકલવ્યની જેમ પોતાનું ધ્યેય પર પાડી શકે છે. અને સંસ્કૃતમાં ઉક્તિ છે *'स्वाध्याय: परमं तप:'* તેમ એટલે કે સ્વઅધ્યયન એજ સર્વોચ્ચ તપ છે. એમ સ્વઅધ્યયન દ્વારા પોતાના લક્ષ્યને સિદ્ધ કરી શકે છે.

**સંદર્ભ સાહિત્ય :**


★ પ્રો. જગમોહન સિંહ રાજપૂત,(૨૦૦૪), શૈક્ષણિક પરિવર્તન કા યથાર્થ (હિન્દી), વિદ્યાવિહાર, નવી દિલ્હી.

★ બી. વી. શાહ, કૌશલ્યા શાહ (૧૯૯૯), શિક્ષણનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ-નિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

★ વિજેન્દ્રકુમાર વશિષ્ઠ (૨૦૦૪) ભારતીય શિક્ષા કા ઇતિહાસ (હિન્દી), અર્જુન પબ્લિસિંગ હાઉસ ૪૮/૨૪, પ્રહલાદગલી, અંસારી રોડ, દરિયાગંજ, નવી દિલ્હી-૧૧૦૦૦૨.

★ આર. કે. ચૌબે (૨૦૦૪) ભારત કે પ્રમુખ શિક્ષાદર્શન (હિન્દી), જયપુર, રાજસ્થાન.

# સંયુક્ત રાષ્ટ્રસંઘમાં વીરાંગના મલાલાનું ઉદ્‌બોધન

ભાવાનુવાદ : **પ્રો. અમી ઉપાધ્યાય**
(અંગ્રેજી વિભાગ : ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)

પરમ કૃપાળુ, પરમ દયાવાન અલ્લાહ-પરમાત્માની સાક્ષીએ, આદરણીય સંયુક્ત રાષ્ટ્ર સેક્રેટરી જનરલ સાહેબ, શ્રીમાન બાન કી મૂન, માનનીય પ્રેસીડન્ટ જનરલ એસેમ્બલી બુક જેરેમીક, સંયુક્ત રાષ્ટ્ર સંઘના આદરણીય પ્રતિનિધિઓ, માનનીય વડીલો અને મારા વ્હાલા ભાઈઓ તથા બહેનો; ઘણા લાંબા સમય બાદ ફરી આજે હું બોલી રહી છું, તે મારા માટે સન્માનની વાત છે. આજે આટલા આદરણીય લોકો વચ્ચે અહીં મારું હોવું તે મારા જીવનની શ્રેષ્ઠ ક્ષણો છે.

મારા સંબોધનને ક્યાંથી શરૂ કરવું તે મને નથી સમજાતું. હું નથી જાણતી કે લોકો મારી પાસેથી હું શું કહું તેની અપેક્ષા રાખે છે. પરંતુ સૌ પ્રથમ તો એ પરમાત્માનો આભાર જેમના માટે આપણે સૌ સમાન છીએ અને એ દરેક વ્યક્તિનો આભાર જેણે મારા સ્વાસ્થ્ય સુધારા અને મારી નવી જિંદગી માટે પ્રાર્થના કરી. લોકોના મારા પ્રત્યેના અગાધ પ્રેમને હું માની નથી શકતી. સમગ્ર દુનિયામાંથી એ શુભેચ્છાઓ, પત્રો અને ભેટ-સોગાદો મળી છે. તે સર્વેનો ખૂબ આભાર. જેના નિર્દોષ શબ્દોએ મને હિંમત આપી તેવા બાળકોનો પણ આભાર. મારા વડીલો, જેમની પ્રાર્થનાએ મને શક્તિ આપી તેમનો પણ આભાર.

હું આભારી છું પાકિસ્તાન તથા યુ.કે.ની હૉસ્પિટલની પરિચારિકાઓ, ડૉક્ટર્સ, સર્વ સ્ટાફની તથા યુ.એ.ઈ.ની સરકારની જેમણે મને પુનઃસ્વસ્થ થવામાં તથા મારી શક્તિ પાછી મેળવવામાં મદદ કરી. હું શ્રીમાન બાન કી. મુન, સેક્રેટરી જનરલને તેમની 'ગ્લોબલ એજ્યુકેશન ઈનીશીએટીવ' (વૈશ્વિક શિક્ષણની પહેલ)માં તથા શ્રીમાન ગોર્ડાન બ્રાઉન, સંયુક્ત રાષ્ટ્ર સંઘ ખાસ પ્રતિનિધિને તેમના કાર્યમાં સંપૂર્ણ સહકાર આપું છું અને તેઓએ સતત આગેવાની આપી છે તેની બદલ તેઓની આભારી છું. તેઓ આપણને સતત કાર્યશીલ રહેવા પ્રેરે છે.

વ્હાલા ભાઈઓ તથા બહેનો એક વાત યાદ રાખજો કે 'મલાલા દિવસ' એ મારો દિવસ નથી. આજનો દિવસ એ એવી દરેક સ્ત્રી, દરેક બાળક અને દરેક બાલિકાનો છે જેણે પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવ્યો છે. એવા સેંકડો માનવ અધિકાર ચળવળકારો – સામાજિક કાર્યકરોનો છે જેઓ ફક્ત માનવ અધિકારો માટે બોલતા નથી, પરંતુ પોતાના શિક્ષણ, શાંતિ અને સમાનતાના અધિકારો મેળવવા સંઘર્ષ કરી રહ્યા છે. ત્રાસવાદીઓ દ્વારા હજારો લોકો મારી નખાય છે અને લાખો ને ઈજા થાય છે. હું તો ફક્ત તેમાંની એક છું.

તેથી હું અહીં ઊભી છું. આવી લાખો તરૂણીઓ માંહેની એક હું મારી જાત માટે નથી બોલતી પરંતુ સમગ્ર યુવકો અને યુવતીઓ વતી બોલું છું.

હું મારો અવાજ ઉઠાવું છું.... એ માટે નહીં કે હું બરાડા પાડી શકું... પરંતુ એ માટે કે જેઓ અવાજ વિહોણા છે તેને લોકો સાંભળી શકે.

તેઓ જેઓ પોતાના અધિકારો માટે લડે છે; તેઓનો અધિકાર છે શાંતિથી જીવવાનો, સન્માનપૂર્ણ વ્યવહારનો, સમાન તકનો તથા શિક્ષણ મેળવવાનો તેમનો અધિકાર છે.

વ્હાલા મિત્રો, ૨૦૧૦ ઓક્ટોબરની નવમી તારીખે તાલીબાનોએ મારા મસ્તિષ્કની ડાબી બાજુએ ગોળી મારી, તેઓએ મારા મિત્રોને પણ ગોળીઓ મારી. તેમણે વિચાર્યું કે બંદૂકની ગોળીઓ અમને મૌન કરી દેશે, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા અને ત્યારબાદ તે મૌનમાંથી હજારો અવાજો પ્રગટ્યા. ત્રાસવાદીઓએ વિચાર્યું કે તેઓ અમારા ધ્યેયો બદલી નાખશે, અમારી મહત્ત્વકાંક્ષાઓને ચગદી નાખશે પરંતુ કશું જ ન બદલાયું. ફક્ત એક જ બદલાવ આવ્યો; અમારી નબળાઈઓ, ભય અને નિરાશાઓ મૃત્યુ પામ્યા. અગાધ શક્તિ, સામર્થ્ય અને હિંમતનો જન્મ થયો. હું એ જ મલાલા છું, મારી મહત્વકાંક્ષાઓ પણ એ જ છે. મારી આશાઓ પણ એ જ છે. મારા સ્વપ્નો પણ એ જ છે, આજે પણ.

વ્હાલી બહેનો તથા ભાઈઓ, હું આજે વ્યક્તિગત વેરવૃત્તિ કે બદલો લેવાની વૃત્તિથી તાલિબાન કે બીજા કોઈ ત્રાસવાદી જુથની વિરુદ્ધમાં બોલતી નથી. હું અહીં દરેક બાળક માટે શિક્ષણના અધિકાર માટે બોલવા ઊભી છું. હું બધા આતંકવાદીઓ, ખાસ કરી તાલીબાનોના દીકરા તથા દીકરીઓ માટે શિક્ષણની યાચના કરું છું.

જેણે મને ગોળી મારી તે તાલિબાનને પણ હું નફરત નથી કરતી. જો મારા હાથમાં બંદૂક હોય અને તે મારી સામે ઊભો રહે તો પણ હું તેમને ગોળી નહીં મારું. આ એ કરુણા છે જે હું કરુણાના મસિહા મહંમદ સાહેબ, જીસસ ક્રાઈસ્ટ અને ભગવાન બુદ્ધ પાસેથી શીખી છું. આ પરિવર્તનનો એ વારસો છે જેને માર્ટીન લ્યુથર કિંગ, નેલ્સન મંડેલા અને મહંમદ અલી

જીન્નાહ પાસેથી મેં મેળવ્યો છે. આ અહિંસાનું તત્ત્વજ્ઞાન હું ગાંધીજી, બાદશાહ ખાન અને મધર ટેરેસા પાસેથી શીખી છું. અને આ 'ક્ષમા'નો ધર્મ હું મારા માતા-પિતા પાસેથી શીખી છું. મારો આત્મા મને હંમેશા કહે છે, "શાંતિમાં રહો અને સર્વને પ્રેમ કરો."

'કલમ એ તલવાર કરતા વધુ શક્તિશાળી છે' એ ડહાપણ ભરી કહેવત સાચી છે. આતંકવાદીઓ પુસ્તક અને કલમથી ડરે છે. શિક્ષણની શક્તિ તેમને ડરાવે છે. તેઓને સ્ત્રીઓનો ભય છે. સ્ત્રીઓના અવાજની શક્તિ તેમને ગભરાવે છે અને તેથી જ તેઓએ તાજેતરમાં એક હુમલામાં ક્વેટાના ૧૪ નિર્દોષ તબીબી વિદ્યાર્થીઓને મારી નાખ્યા. આજ કારણોસર તેઓએ ઘણી શિક્ષિકાઓ અને પોલીઓ કાર્યકર્તાઓનો ખાયબર ફુક્તો ખાબા, FATA માં મારી નાખ્યા. તેથી જ તેઓ રોજ શાળાઓને બોંબથી ઉડાડી મૂકે છે કારણ કે તેઓ પરિવર્તનથી ગભરાતા હતા, ગભરાય છે. આપણે સમાજમાં સમાનતા લાવીશું તેનાથી તેઓ ગભરાય છે.

મને યાદ છે કે અમારી શાળામાં એક છોકરો હતો જેને એક પત્રકારે પૂછ્યું, "તાલીબાનો શિક્ષણનો શા માટે વિરોધ કરે છે ?" તેણે બહુ સરળતાથી પ્રત્યુત્તર આપ્યો. પોતાના પુસ્તક તરફ અંગુલી નિર્દેશ કરી તે બોલ્યો, "તાલીબ જાણતો નથી આ પુસ્તકમાં શું લખ્યું છે." તેઓ વિચારે છે કે પરમાત્મા એક નાનો, સંકુચીત મનનો છે જે બાલિકાઓને નરકમાં મોકલશે, ફક્ત એ કારણથી કે તેઓ શાળાએ જાય છે. ત્રાસવાદીઓ ઈસ્લામ અને પાશ્તુન સમાજના નામનો પોતાના વ્યક્તિગત ફાયદા માટે દુરુપયોગ કરે છે. પાકિસ્તાન એ શાંતિપ્રિય લોકશાહી દેશ છે. પાશ્તુન પોતાની દીકરીઓ તથા દીકરાઓ માટે શિક્ષણ ઈચ્છે છે. ઈસ્લામ એ શાંતિ, માનવતા અને ભાઈચારાનો ધર્મ છે. ઈસ્લામ કહે છે કે શિક્ષણ એ દરેક બાળકનો માત્ર અધિકાર જ નહીં પરંતુ તેમની ફરજ અને જવાબદારી છે.

આદરણીય સેક્રેટરી જનરલ સાહેબશ્રી, શાંતિ એ શિક્ષણ માટે જરૂરી છે. વિશ્વના ઘણા ભાગોમાં, ખાસ કરી પાકિસ્તાન અને અફઘાનીસ્તાનમાં, ત્રાસવાદ, યુદ્ધો અને ઘર્ષણો બાળકોને તેઓની શાળાએ જતા રોકે છે. અમે ખરેખર આ યુદ્ધોથી થાક્યા છીએ. વિશ્વના અનેક ભાગોમાં સ્ત્રીઓ તથા બાળકો અનેક પ્રકારે સહન કરી રહ્યા છે. ભારતમાં નિર્દોષ અને ગરીબ બાળકો બાળમજુરીનો ભોગ બની રહ્યા છે. નાઈજીરિયામાં અનેક શાળાઓનો વિનાશ કરવામાં આવ્યો છે. અફઘાનીસ્તાનમાં દસકાથી લોકો આતંકવાદીઓના ત્રાસથી પીડિત છે. નાનીવયની બાલિકાઓને ઘરેલું બાળમજુરી કરવી પડે છે અને નાની વયે તેમને લગ્ન કરવા મજબુર કરવામાં આવે છે. ગરીબી, અજ્ઞાન, અન્યાય, જાતીવાદ અને મૂળભૂત અધિકારોની વંચિતતા જેવા અનેક પ્રશ્નોનો સ્ત્રીઓ અને પુરુષો સામનો કરી રહ્યા છે.

વ્હાલા સાથીઓ, આજે હું સ્ત્રીઓના અધિકારો તથા બાલીકાઓના શિક્ષણ પર વધુ ભાર મૂકું છું, કારણ કે તેઓ સૌથી વધુ સહન કરે છે. એક એવો સમય હતો જ્યારે સ્ત્રી સમાજ સુધારકો-ચળવળકારોએ પોતાના અધિકારો માટે પુરુષોને સાથ આપવા વિનંતી કરી હતી. પરંતુ આ વખતે અમે તે જાતે કરીશું. હું પુરુષોને સ્ત્રીઓના અધિકારો માટે બોલવાની જવાબદારીમાંથી ખસી જવાનું નથી કહેતી પરંતુ હું એ બાબત પર ભાર મૂકું છું કે સ્ત્રીઓ પોતાની લડાઈમાં સ્વાવલંબી બને.

વ્હાલી બહેનો તથા ભાઈઓ, હવે બોલવાનો સમય પાકી ગયો છે.

તો આજે આપણે વિશ્વના આગેવાનોને શાંતિ અને સમૃદ્ધિના હિતમાં તેઓની વ્યુહાત્મક નીતિઓના પરિવર્તન માટે આહ્‌વાન કરીએ.

આપણે વિશ્વના આગેવાનોને એકઠા કરીએ ને કહીએ કે બધા શાંતિના નિર્ણયો સ્ત્રીઓ અને બાળકોના અધિકારોનું રક્ષણ કરતા હોવા જોઈએ. કોઈપણ નિર્ણય જે સ્ત્રીઓના સન્માન કે અધિકારોની વિરુદ્ધ હોય તે અસ્વીકાર્ય છે.

આપણે બધી સરકાર પાસેથી સમગ્ર વિશ્વના બાળકો માટે વિનામૂલ્યે ફરજિયાત શિક્ષણની સામે લડત અને બાળકોના પાશવીયતા તથા ઈજાથી રક્ષણની અપેક્ષા કરીએ છીએ. આપણે વિશ્વના વિકસીત રાષ્ટ્રોને વિનંતી કરીએ છીએ કે વિકાસશીલ વિશ્વમાં બાલીકાઓ માટે શિક્ષણની તકોના વિકાસમાં સહાયરૂપ બને.

આપણે સમાજ પાસેથી અપેક્ષા રાખીએ છીએ કે તે વધુ સહિષ્ણુ બને. જ્ઞાતિ, જાતિ, સંપ્રદાય, ધર્મ કે લિંગ (સ્ત્રી-જાતિ, પુરુષ-જાતિ) આધારિત પૂર્વગ્રહો નકારી કાઢે. સ્ત્રીઓ માટે સ્વતંત્રતા અને સમાનતાની ખાતરી આપીએ કે જેથી કરી તેઓ પણ વિકાસ પામે. આપણામાંથી અડધાને જો પાછળ રોકી રાખવામાં આવશે, બાંધી રાખવામાં આવશે તો આપણે સફળ નહી થઈ શકીએ. આપણે સમગ્ર વિશ્વની આપણી બહેનોને બહાદુર બનવા માટે આહ્‌વાન કરીએ છીએ. પોતાનામાં શક્તિઓને સમાવી લો અને પોતાનામાં રહેલા સામર્થ્યને અનુભવો.

વ્હાલા ભાઈઓ અને બહેનો, દરેક બાળકના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આપણે શિક્ષણ અને શાળા માંગીએ છીએ. આપણએ દરેકને માટે શાંતિ અને શિક્ષણની આપણી યાત્રાને

ચાલુ રાખીશું. આપણને કોઈ નહીં રોકી શકે. આપણે આપણા અધિકારો માટે બોલીશું અને આપણે આપણા શબ્દોની શક્તિ અને સામર્થ્યમાં વિશ્વાસ રાખવો જોઈએ. આપણા શબ્દો વિશ્વને બદલી શકે છે.

કારણકે આપણે સૌ સાથે છીએ, શિક્ષણના ઉમદા હેતુ માટે એકઠા થયા છીએ. અને જો આપણે આપણા ધ્યેયને સિદ્ધ કરવા ઈચ્છીએ છીએ તો ચાલો આપણે આપણી જાતને જ્ઞાનના હથિયારથી સશક્ત કરીએ. ચાલો આપણે આપણી જાતને એકતા અને સંગઠનની ઢાલથી સુરક્ષીત કરીએ.

વ્હાલા ભાઈઓ તથા બહેનો, આપણે એ ભૂલવું ન જોઈએ કે લાખો લોકો ગરીબાઈ અન્યાય અને અજ્ઞાનથી પીડાય છે. આપણે તે વિસરવું ન જોઈએ કે લાખો બાળકો શાળાની બહાર છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે આપણી બહેનો અને ભાઈઓ શાંતિપૂર્ણ ભવિષ્યની રાહ જોઈ રહ્યા છે.

તો ચાલો, નિરક્ષરતા, ગરીબી અને ત્રાસવાદ વિરુદ્ધમાં વૈશ્વિક લડત શરૂ કરીએ અને આપણા હાથમાં પુસ્તક અને કલમ ઉપાડીએ, જે આપણા સૌથી શક્તિશાળી શસ્ત્રો છે.

એક બાળક, એક શિક્ષક, એક કલમ અને એક પુસ્તક સમગ્ર વિશ્વને બદલી શકે છે.

શિક્ષણ એક માત્ર ઉકેલ છે. શિક્ષણ પ્રથમ.

## મુક્ત વિશ્વવિદ્યાલયનું ગૌરવ



ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીનો હેતુ ઉચ્ચ શિક્ષણથી વંચિત યુવાનો માટે દુરવર્તી શિક્ષણ દ્વારા શિક્ષણની તક પૂરી પાડવાનો છે. આપણે ત્યાં આવી તક પ્રાપ્ત થયા પછી પોતાની કારકિર્દીને સફળતાના ઊંચા મુકામ સુધી પહોંચાડવામાં કોઈ સફળ થાય ત્યારે સમગ્ર યુનિવર્સિટી પરિવારને ધન્યતાનો અનુભવ થાય છે.

સૌરાષ્ટ્રના મહુવા તાલુકાના જેસર ગામના વતની પ્રવીણભાઈ ગણાત્રા પોતે નિવૃત શિક્ષક છે. પ્રવીણભાઈની સુપુત્રી કોમલ ગણાત્રા પોતે પી.ટી.સી.નો અભ્યાસ પૂર્ણ કરી પોલીટેકનીકમાં ડિપ્લોમાં ઈન કેમિકલ ઈજનેરીનો પણ અભ્યાસ કર્યો. પિતાજીની જેમ શિક્ષિકા થવાનું સ્વપ્ન સાકાર થયું અને મુ. જેસરની પ્રાથમિક શાળામાં જ શિક્ષિકા તરીકે જોડાયેલાં કોમલ ગણાત્રાની મહત્વકાંક્ષાને વેગ મળ્યો. IAS થવાની ઈચ્છાને પૂરી કરવા સ્નાતક થવું જરૂરી હતું. ચાલુ નોકરીએ કોલેજમાં પ્રવેશમાં મેળવી ભણવાનું શક્ય ન હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણના માધ્યમથી અંગ્રેજી વિષય સાથે બી.એ.ની પદવી મેળવવામાં સફળ થયાં. બી.એ. થયા પછી ૨૦૦૯-૧૦માં SPIPA માં પ્રશિક્ષણ મેળવી ૨૦૧૨માં યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં. કોમલ ગણાત્રાનો મેરિટ ક્રમાંક ૫૯૧ છે. તેમને IRS માં ઉચ્ચ અધિકારી તરીકે કામ કરવાની તક મળશે.

પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાની તૈયારી માટે તેમણે વિકલ્પના વિષયોમાં ઈતિહાસ તથા ગુજરાતી ભાષા-સાહિત્ય પસંદ કરેલાં હતાં. **કોમલબહેન જણાવે છે કે તેમને આપણી યુનિવર્સિટીની અભ્યાસ સામગ્રી ખૂબ ઉપયોગી થઈ છે.** શિક્ષિકા તરીકેની નોકરી કરવાની સાથે દરરોજ દસથી બાર કલાકનું અધ્યયન-અભ્યાસ તેમણે કર્યો છે.

**કોમલ ગણાત્રા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થિની હોવાનું ગૌરવ અનુભવે છે** અને નજીકનાં ભવિષ્યમાં આ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની સર્વોચ્ચ પદવી માટે પ્રવેશ મેળવી અભ્યાસ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિવાર કોમલ ગણાત્રાને ઉજ્જવળ ભવિષ્ય અને દેશસેવા માટે અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવે છે.

# વિવેકાનંદ અને ગુજરાત : એક અકબંધ સેતુ

– વિજય ઠાકર

ભારતના બે છેડા, ભારતમાતાના બે હાથ એક ડાબો અને એક જમણો, એક પૂર્વ અને એક પશ્ચિમ. એક બંગાળ અને એક ગુજરાત. બંને પ્રાંત વચ્ચે જોજનો જેટલું અંતર. પણ સાંસ્કૃતિક રીતે જાણે જરા પણ ફેર ના લાગે. એક મિત્ર મજાકમાં કહેતા, મોઢામાં રસગુલ્લું ભરાવી ગુજરાતી બોલો એટલે મોઢામાંથી આપોઆપ બંગાળીભાષા સરી પડે., અને પછી ઉદાહરણ પણ આપે મહાશયનું મોશાય...રસગુલ્લાનું રશોગુલ્લા... ભારતની સાંસ્કૃતિક પ્રગતિમાં બંને પ્રાંતના લોકોનું યોગદાન અનન્ય રહ્યું છે. સુભાષની ક્રાંતિ ને ગાંધીની અહિંસા. રવીન્દ્રનાથ ઠાકુર રાષ્ટ્રીય કવિ અને ઝવેરચંદ મેઘાણી રાષ્ટ્રીય શાયર. કેટલાક રણઝણતા તાર બંગાળ અને ગુજરાત વચ્ચે અનોખી રીતે જોડાયેલા છે. એક બંગાળી યુવાન વિદેશમાં ભણીને વડોદરા આવ્યો અને વડોદરા છોડ્યું ત્યારે એ અરવિંદ ઘોષ મહર્ષિ અરવિંદ બનવાની પ્રક્રિયામાં પ્રવેશી ચૂક્યા હતા. મહર્ષિ અરવિંદથી થોડી ઊલટી યાત્રા નરેન્દ્રની હતી. અરવિંદના થોડાં વર્ષો પહેલા. નરેન્દ્રએ વિવિદિષાનંદ બની ભારતભ્રમણ કર્યું અને ગુજરાતના પ્રવાસ પછી વિશ્વને ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવી ભારતમાતાના ચરણોમાં નમાવ્યું.

વિવેકાનંદજીએ ઠાકુર રામકૃષ્ણ પરમહંસના દેહોત્સર્ગ પછી સંન્યાસ લીધો અને શારદામાના આશીર્વાદ લઈ ભારતભ્રમણ શરૂ કર્યું. એ ભ્રમણ દરમિયાન સ્વામીજી ૧૮૯૧થી ૧૮૯૨ના સમયગાળામાં ગુજરાતમાં વિહાર કરતા હતા. રાજસ્થાનનો પ્રવાસ પૂરો કરી સ્વામીજી અજમેર અને ત્યાંથી રેલવે મારફત સીધા અમદાવાદ આવ્યા, ત્યાંથી વઢવાણ પહોંચ્યા અને વઢવાણથી પગપાળા લીમડી પહોંચ્યા. ત્યાંથી ભાવનગર, પાલિતાણા, જૂનાગઢ, સોમનાથ, પોરબંદર થઈ દ્વારકા, ઓખા, કચ્છના નારાયણ સરોવર, ભુજ, કંડલા પહોંચ્યા. ગુજરાતમાં ભ્રમણ દરમિયાન સ્વામીજીએ નવલખી, મોરબી, વાંકાનેર, રાજકોટ, ખંભાત અને વડોદરાની મુલાકાત લીધી હતી.

સ્વામીજીએ ગુજરાત પરિભ્રમણની શરૂઆત વઢવાણથી કરી હતી. જૈન સંસ્કૃતિમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા વર્ધમાનપુરમ, જેને હાલમાં વઢવાણ કહે છે. કહેવાય છે કે મહાવીર સ્વામી એમના પૂર્વાશ્રમમાં વર્ધમાનપુરમાં આવ્યા હતા. રાણકદેવીના સ્થાનકમાં દર્શન કરી અહીંથી સ્વામીજી પગપાળા લીમડી જવા નીકળ્યા હતા. લીમડીમાં ગામની ભાગોળે એક શિવમંદિર હતું. સ્વામીજી ત્યાં પહોંચ્યા. સ્વામીજીને જોઈને અઘોરીઓને ખ્યાલ આવી ગયો કે આ પુરુષ બત્રીસ લક્ષણ ધરાવે છે. સ્વામીજીને રાત્રિનિવાસ માટે એક રૂમમાં આ અઘોરીઓએ આશ્રય આપ્યો અને એમને કેદ કર્યા. આ વામપંથી સાધુઓએ બત્રીસલક્ષણા સ્વામી વિવેકાનંદનો બલી ચડાવી એમના લોહીથી પોતાના ઈષ્ટદેવની પૂજા કરવાનું નક્કી કર્યું. સ્વામીજીને જણાવી દેવામાં પણ આવ્યું કે ચૂપચાપ પડ્યો રહે રાત્રે અમારા ઈષ્ટદેવને તારો બલી ચડાવવાના છીએ. તાંત્રિકોને દૂધ પહોંચાડવા આવતા એક બાળકની મદદથી વિવેકાનંદજીએ લીમડીના રાજકુમાર જશવંતસિંહજીને પોતે મુશ્કેલીમાં હોવાનો અને તાંત્રિકો વચ્ચે ફસાયા હોવાનો સંદેશો મોકલ્યો. જશવંતસિંહજીએ સ્વામીજીને તાંત્રિકોની ચુંગાલમાંથી છોડાવી પોતાના મહેલમાં આશ્રય આપ્યો. અહીં લીમડીના દરબારગઢમાં સ્વામીજી સાથે ધર્મ, અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનની ચર્ચા સાંભળ્યા પછી કુમાર જશવંતસિંહજીએ જ સ્વામીજીને ભારતીય તત્ત્વજ્ઞાનનો ફેલાવો વિદેશમાં કરવાના આશયથી પશ્ચિમના દેશોનો પ્રવાસ કરવાનું સૂચન કર્યું. ૧૮૯૩ની શિકાગોની ધર્મસભામાં સ્વામીજીએ સિંહની જેમ કરેલી ગર્જનાનાં બીજ લીમડીમાં રોપાયાં હતાં. સ્વામીજીના જ્ઞાનથી પ્રભાવિત થયેલા જશવંતસિંહજી સ્વામીજીના શિષ્ય બની ગયેલા અને એમણે જ આગળના પ્રવાસ માટે સ્વામીજીને સૌરાષ્ટ્રના રાજાઓ અને દીવાનો ઉપર પત્ર લખી આપ્યો.

લીમડીથી સ્વામીજી જૂનાગઢ આવ્યા. ગિરનારના પરિસરમાં ફરતાં એમણે ઉપરકોટ, દામોદર કુંડ, અશોકનો શિલાલેખ, બૌદ્ધ ગુફાઓ વગેરેનું પરિભ્રમણ કર્યું. ગિરનાર પર ફરતા ફરતા એમણે દીપડો જોયો ત્યારે તેમને લાગ્યું કે ભારતનો યુવાન પણ દીપડાની જેમ ચપળ અને સ્ફૂર્તિલો હોવો જોઈએ. ભવનાથ પાસે આવેલા વસ્ત્રાપથેશ્વરના મંદિરમાં સ્વામીજીને સાધના કરવાનું અનુકૂળ રહેતું એટલે તેઓ ત્યાં સાધના કરતા. જો કે આ વાત કર્ણોપકર્ણ સાંભળેલી છે એનું કોઈ પ્રમાણ મળતું નથી. સ્વામીજીના જીવન પર કેટલાક સંતો અને કેટલાક સંસારી લોકોનો પ્રભાવ હતો એમાં જૂનાગઢના દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈનું નામ પણ

આવે છે. એવી જ રીતે શંકર પાંડુરંગ પંડિત જેઓ પોરબંદરના દિવાન હતા એમની પાસેથી સ્વામીજી ફ્રેંચ ભાષા શિખ્યા. લીમડીના દરબારની જેમ પંડિત શંકર પાંડુરંગની પણ માન્યતા હતી કે સ્વામીજીએ વિદેશમાં જઈને ભારતનો ભગવો લહેરાવવો જોઈએ. સ્વામીજીના પોરબંદરના નિવાસ દરમિયાન પંડિત પાંડુરંગ શાસ્ત્રી અથર્વવેદનું ભાષાંતર કરી રહ્યા હતા. સ્વામીજીએ એમાં પંડિતજીને મદદ કરી હતી. પોરબંદરમાં જ વેદનો ઊંડો અભ્યાસ અને ઉપનિષદોનું ચિંતન સ્વામીજીને મળ્યું. અહીં જ એમણે સંસ્કૃત વ્યાકરણ શીખવા પાણિનીના વ્યાકરણ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. પોરબંદરથી સમુદ્ર માર્ગે સ્વામીજી દ્વારકા જવા નીકળ્યા હતા એનો આધારભૂત પુરાવો ત્યારની ફેરી સર્વિસમાં સંઘરાયેલો પડ્યો છે. શિકાગોમાં ધર્મ પરિષદ ભરાવાની છે એની માહિતી જેતલસરના સ્ટેશન માસ્ટરે સ્વામીજીને આપી હતી.

સ્વામીજી નડિયાદની મુલાકાતે બે વાર આવેલા. સ્વાભાવિક જ એનું નિમિતિ સ્વામીજીએ જેમને પિતાતુલ્ય માનતા એ મૂળ નડિયાદ પાસે વસો ગામના રહીશ અને જૂનાગઢના દિવાન હરિદાસ દેસાઈ બનેલા. આજે પણ સ્વામીજી અંગેની હરિદાસજીએ કરેલી કેટલીક નોંધો એ ડાયરીઓમાં સંઘરાયેલી પડી છે. હરિદાસજી પણ સ્વામીજીના ઘેર જઈ આવેલા. વિવેકાનંદજીના માતાજી અને એમના ઘરની સ્થિતિનું વર્ણન હરિદાસજીએ વિવેકાનંદ પર લખેલા પત્રમાં જણાય છે. ભારત માતા પ્રત્યેની અનન્ય શ્રદ્ધા સ્વામીજીએ હરિદાસજીને લખેલા પત્રમાં ડોકાય છે. આ બંને મહાનુભાવો વચ્ચે આત્મીય લાગણીઓ હતી.

રામકૃષ્ણ મિશન રાજકોટના સ્વામી નિખિલેશ્વરાનંદજી કહે છે કે ગુજરાતે સ્વામીજીને વિદેશમાં જઈ ભારતમાતાને વિશ્વગુરુના સ્થાન પર બેસાડવાની દૃષ્ટિ આપી. નડિયાદના વિદ્વાન સાક્ષર મણિલાલ નભૂભાઈએ વિશ્વ ધર્મ પરિષદમાં જવા માટે તૈયારીઓ કરેલી પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે તેઓ જઈ ના શક્યા પરંતુ એમનું સંશોધન સ્વામીજીને કામ લાગ્યું હતું.

ગુજરાતી સાહિત્યની અમર કૃતિ 'સરસ્વતી ચંદ્ર'માં ગોવર્ધનરામ ત્રિપાઠીએ નવલકથાના અંતિમભાગમાં જે વેદાંતની ચર્ચા કરી છે તેના મૂળમાં એમના કાકા અને એ જમાનાના પ્રખ્યાત સાહિત્યકાર મનસુખરામ ત્રિપાઠી સાથે સ્વામીજીએ કરેલી વેદાંતની ચર્ચાઓનો સાર ગોવર્ધનરામે કાકાની પાસે બેસીને સાંભળ્યો હતો એ છે. વિવેકાનંદજીનો ગુજરાત અને ગુજરાતી સાથે સંબંધ છેક સુધી અકબંધ રહ્યો હતો. બાળગંગાધાર ટિળકની સ્વામીજી સાથે મુલાકાત થઈ એમાં પણ ગુજરાતીઓની જ ભૂમિકા રહી છે. મુંબઈથી પુણે જતાં ટ્રેનમાં મૂકવા આવેલા ગુજરાતીઓએ સ્વામીજીની પુણેની રહેવાની વ્યવસ્થા ટ્રેનમાં સ્વામીજીની બાજુની સીટમાં બેસી મુસાફરી કરતાં બાળ ગંગાધર ટિળક (લોકમાન્ય ટિળક)ને કરી હતી.

આજે પણ સ્વામીજી અને ગુજરાતનો સંબંધ રામકૃષ્ણ મિશન દ્વારા એવો ને એવો જળવાયેલો છે. રામકૃષ્ણ મિશનની પ્રવૃત્તિઓ રાજકોટ લીમડી અમદાવાદ વગેરે જગ્યાએ ધમધમે છે. રાજકોટમાં ૧૯૨૭માં સ્થપાયેલ મિશન પૂર, દુષ્કાળરાહત કે હાલ ૨૦૦૧ના ભૂકંપ સમયે સમાજસેવામાં સક્રિય રહેલું. દવાખાના અને હોસ્ટેલ પણ આ સંસ્થા ચલાવે છે. લીમડીમાં ફિજીયોથેરપી સેન્ટર પણ કાર્યરત છે. પોરબંદરમાં મિશન યુવાનોના ચારિત્ર્ય ઘડતર માટે પ્રતિબદ્ધ છે. વડોદરાનું રામકૃષ્ણ મિશન તો મેનેજમેંટના પાઠ પણ ભણાવે છે. વેદાંત સ્ટાઈલ ઓફ મેનેજમેંટ એ વિષય પર ગુજરાતની એક મોટી રાષ્ટ્રીયકૃત બેન્કના ઓફિસરો સામે મિશનના સ્વામીજીએ મૂકેલા વિચારોના સાક્ષી બનવાનું મને પણ અહોભાગ્ય મળ્યું છે. ત્યારે સમજ આવી કે મેનેજમેંટ એ ઈવેંટસ અને માર્કેટિંગનું નામ નથી એનો સીધો સંબંધ વ્યક્તિ ને આત્મા સાથે છે. વિવેકાનંદ અને ગુજરાત વચ્ચે એક અકબંધ સેતુ આજે પણ એવો ને એવો છે. ભારતમાતાના બે હાથ વિશ્વ કલ્યાણ માટે ઊઠે એવો સુભગ સંયોગ વિવેકાનંદજીએ રચ્યો હતો. આપણે એને આગળ વધારવા પ્રયાસરત રહીએ કદાચ એ જ વિવેકાનંદ સાર્ધ શતીનો શ્રેષ્ઠ સંકલ્પ બની રહે.

## આંબેડકર-વાણી

કોઈપણ સમાજની પ્રગતિનો આધાર એ સમાજની મહિલાઓની સ્થિતિ કેવી છે તેના પર રહેલો છે.

●

એક સફળ ક્રાંતિ માટે માત્ર અસંતોષ હોય એટલું જ પર્યાપ્ત નથી. ન્યાય અને રાજનૈતિક તથા સામાજિક અધિકારો પ્રત્યે ગાઢ શ્રદ્ધા પણ આવશ્યક છે.

●

હું એવા ધર્મમાં શ્રદ્ધા રાખું છું, જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા શીખવે.

●

આપણી પાસે આ સ્વતંત્રતા એટલા માટે છે કે આપણે આ સામાજિક વ્યવસ્થા; જે અસમાનતા, ભેદભાવ અને આપણા મૌલિક અધિકારો માટે અવરોધક છે તેમાં સુધારો લાવી શકીએ.

# 'Tongue Twisters' અને ભાષા શિક્ષણ

- ડૉ. મૌનસ ઠાકર, *આસિ. પ્રોફેસર,*
*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી*

અંગ્રેજી ભાષા શા માટે શીખવી, તેનાં ઉત્તરની સૂચી ઘણી લાંબી થઈ શકે તેમ છે. ઉપયોગિતાને નામે અંગ્રેજી ભાષા શીખવી જ જોઈએ એવી દલીલ ન કરીએ, તો પણ વિશ્વફલક પર વ્યાપ્ત આ ભાષાને એક 'ભાષાપ્રેમી' તરીકે પણ ભણીએ તો કાંઈ ખોટું તો નથી જ. યદ્યપિ આજની પેઢીએ તો અંગ્રેજીને દિલોજાનથી અપનાવીજ લીધી છે, અને 'માસીને મા' કહેવાના આરોપોને પણ સહીને સૌ અંગ્રેજી માધ્યમમાં ભણવાની હોડમાં લાગેલા જ છે. માટે ભવિષ્યમાં આવી પ્રજાને ગુજરાતી કેવી રીતે શીખવું એ અંગે વિદ્યા-વ્યાસંગ કરવો પડશે, પરંતુ અત્યારે તો અંગ્રેજી ભાષા અને ખાસ તો તેનાં ઉચ્ચાર શીખવા અંગે વાત કરીશું.

"જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત" જેવી અદ્દભુત પંકિતથી નવાજવામાં આવેલા ગુજરાતીઓએ વિશ્વભરમાં ખેડાણ કર્યું - વસવાટ કર્યો અને ત્યાંના બનીને શાંતિથી રહ્યા છે, છતાંય આપણો ગુજરાતી, અંગ્રેજી ભાષામાં 'નબળો' છે, તેવી છાપ પ્રચલિત છે. ગુજરાતમાં જ અંગ્રેજીની અણ આવડતને લીધે સરકારી કે ઉચ્ચ હોદ્દાઓ પર વિવિધ રાજ્યોમાં લોકો આસન જમાવી ચૂક્યા છે અને હજી પણ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અંગ્રેજીને લીધે પાછા પડતા ગુજરાતીઓ 'શું વાસ્તવમાં ભાષામાં નબળા છે? તે એક પૂછવા જેવો પ્રશ્ન છે. હકીકત તો કંઈક એવી લાગે છે કે મૂળભૂત રીતે ગુજરાતીઓ ભાષામાં સબળા છે. ચોક્કસ - બંગાળી કે મહારાષ્ટ્રીય વ્યક્તિઓ જેમ 'ભાષા ગૌરવ' અને 'સ્વભાષા સન્માન'ના વિષયમાં ગુજરાતીઓ ઉણા અંકાયેલા ખરા, અને "શું પૈસા ચાર"ની જેમ ગુજરાતીનાં મૂલ્યને ઓછુ અંકાતુ જોઈને પણ આ ગૌરવની હાનિનો અનુભવ ન કરતા હોવાનું મનાય છે : પરંતુ આ સ્થિતિ પરિવર્તનશીલ છે, શાશ્વત નથી. સમયે સમયે ગુજરાતીઓની બુદ્ધિપૂર્વકની Priorities રહેલી છે. ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ છે. ગુજરાતી ભાષા સમૃદ્ધ છે અને ગુજરાતીની જીભ પણ સમૃદ્ધ છે. માટે ભાષા અંગે કરેલી ટિપ્પણીઓને ગુજરાતી 'ગજશ્વાનવત' અવગણે તે જ શોભાસ્પદ છે. ગુજરાતી વિનમ્ર છે, ખુદને ઓછા આંકવાની સ્વભાવગત રીત વસ્તુતઃ ગુજરાતીની પ્રગતિનું જ કારણ છે અને ગુજરાતીઓ આજ રીતે પોતાને 'વિશેષ' ન જાણીને આત્મગૌરવની ગર્તામાં ફસાવવાને બદલે ખુદને અલ્પ માનીને જ વિશેષની પ્રાપ્તિ માટે સતત પ્રગત રહ્યા છે.

ભાષાની બાબતમાં જ્યારે સૈદ્ધાંતિક કે સુલેખન સંબંધિત સ્પર્ધામાં ગુજરાતી પાછળ રહે, તેમાં તર્ક છે જ. ગુજરાતી વાચા-પ્રધાન રહ્યો છે. ગુજરાતી વાચા (Tongue) - જીહ્વા - જીભ સંમૃદ્ધ છે. આ જીહ્વાના જોરે જ ગુજરાતીઓ વિશ્વભરમાં વ્યાપ્ત છે અને સર્વત્ર શાંતિપ્રિય પ્રજાનાં બિરુદ સાથે સુખી છે. આમ પણ 'ભાષા' એટલે જ બોલાય તે '***भाष्यते इति भाषा***'ભાષાનું ભાષ્યણ સ્વરૂપ ગુજરાતીઓને સદે છે, તેમાં તે ઉત્તમ પણ છે જ. આ તથ્યનો સીધો દાખલો તે ગુજરાતીઓનાં ઉચ્ચારો અને ઉચ્ચાર ક્ષમતા છે. અલબત્ત આ કહેતી વખતે સ-શ વગેરેના ઉચ્ચારમાં બેદરકારી રાખતા જૂજ અપવાદોને બાજુ પર રાખવા જોઈએ. બંગાળી, મદ્રાસી કે મરાઠી જ્યારે ગુજરાતી બોલે છે, ત્યારે તેમની માતૃભાષાની અસર બોલાતી ગુજરાતી પર સ્પષ્ટ વર્તાય છે. 'ણ' કે 'ળ' જેવા કેટલાક અક્ષરો બિનગુજરાતી માટે બોલવા અઘરા છે. પરંતુ ગુજરાતી માટે બીજી ભાષાનાં બધા જ ઉચ્ચારો સંભવ છે. આદરણીય ભોળાભાઈ પટેલ આ વિચારને ઉપર બેઠા બેઠા અવશ્ય આશીર્વાદ આપતા હશે. 'હા કાઠિયાવાડી લહેકો જરૂર પ્રસિદ્ધ' છે, પરંતુ તે સિવાયના ગુજરાતીને પકડવો મુશ્કેલ છે. અકબર અને બિરબલની પેલી વાર્તા યાદ છે? તેમાં આવેલો પેલો 'બહુભાષિ' ચોક્કસ ગુજરાતી હશે, કે જેને બિરબલે ગરમ પાણી રેડીને 'ઓય મા રે...' બોલાવી દીધેલું.

ખેર ! અહીં વાત કરવી છે ઉચ્ચાર ક્ષમતાની ઉચ્ચાર શુદ્ધિની અને ઉચ્ચાર સુધારવાનાં નુસખાની. ગુજરાતી અંગેની આટલી વાત કર્યા પછી અંગ્રેજી ભાષા માટેની ગુજરાતીની લઘુતાગ્રંથી જરૂર દૂર થવી ઘટે. એક અંગ્રેજને ગુજરાતી બોલતા સાંભળશો, તો ગુજરાતી હોવાનું 'આત્મગૌરવ' જરૂર જાગશે અથવા તો આત્મગૌરવથી સ્વભાવગત અંતર રાખીએ તો, ગુજરાતી હોવાનું મહત્ત્વ તો સમજાશે જ. આ વાત અંગ્રેજી ભાષાનાં ઉચ્ચારની છે, માટે એ દિશામાં વિચારીએ. એક અંગ્રેજ માટે ગુજરાતી બોલવું જેટલું અઘરૂં છે, તેટલું અઘરૂં અંગ્રેજી બોલવું એક ગુજરાતી માટે નથી. ગુજરાતીઓ બધી જ ભાષાની જેમ જ અંગ્રેજીનું ઉચ્ચારણ પણ ખુબ સરસ સ્પષ્ટ અને શુદ્ધ કરી શકે છે. આ સાચું એટલા માટે છે કે ગુજરાતીઓએ ક્યારેય ઈંગ્લેન્ડ કે વોશીંગ્ટનનું અપભ્રંશ કર્યું નથી, જ્યારે અંગ્રેજો તો 'ખંભાત' પણ ન બોલી શક્યા ! તેમણે ખંભાતનું 'કેમ્બે' કર્યું, વડોદરાનું

'બરોડા' કર્યું અને શરૂઆત હિન્દીથી કરીએ તો, હિન્દીનું 'ઈન્ડી' કર્યું, આટલા સરળ ઉચ્ચાર જે ન કરી શક્યાં તેમની ભાષાનું ઉચ્ચારણ આપણા માટે શું અઘરું ? અલબત્ત સરળ છે. પણ ભાષા બદલાય એટલે તેને અનુરૂપ જીભ વાળવાનો અભ્યાસ આપણે કરવો જોઈએ અને તે માટે અક્સીર છે 'Tongue Twisters'. અંગ્રેજી વિશે વાત કરતાં પહેલાં આપણે સ્વદેશી 'Tongue Twisters' વિશે વાત કરીએ બહુ જાણીતા છે. " કાચ્ચો પાપડ - પાક્કો પાપડ" સતત બોલવા છતા તત-પપ થશે જ. અભ્યાસથી આવડી જશે. એવું જ હિંદીમાં છે. *"खडकसिंह के खडकने से खडकती है खिडकियाँ, खिडकियों के खडकने से खडकता है खडकसिंह"* સરળ છે.

અંગ્રજીની ઉચ્ચાર શુદ્ધિ પૂર્વે માતૃભાષાની ઉચ્ચાર શુદ્ધિ જરૂરી છે. સંસ્કૃત જાણનારનાં ગુજરાતી ઉચ્ચારો સહજતાથી શુદ્ધ રહેવાના. જો સંસ્કૃતની વાત કરીએ, તો તેમાં પદે-પદે 'Tongue Twisters' મળે. સામાન્ય વ્યક્તિને તે જીહ્‌વાસ્થ કરવા માટે અભ્યાસ અવશ્ય કરવો પડે. અગણિતમાંથી એક બે એવા સંસ્કૃત પદો જોઈએ.

આમ તો અભ્યાસ વગર આખું શિવ મિહમ્ન સ્રોત Tongue Twisters' જેવું લાગે પરંતુ તેનો આ શ્લોક પ્રમાણમાં સવિશેષ સજ્જતા માંગી લે છે.

*मही पादाघाताद् व्रजति सहसा संशयपदं*
*पदं विष्णोर्भाम्यद् भुजपरिघरुग्णग्रहगणम् ॥*
*मुहुर्द्यौर्दौस्थ्यं यात्यनिभृतजटाताडिततटा ।*
*जगद्रक्षायै त्वं नटसि ननु वामैव विभुता ॥१६॥*

તે જ રીતે

*यदृद्धिं सुत्राम्णो वरद परमोच्चैरपि सतीम्*
*अधश्चक्रे बाणः परिजन विधेयस्त्रिभुवनः ।*
*न तत् चित्रं तस्मिन् वरिवसितरि त्वत् चरणयोर्*
*न कस्याप्युन्नत्यै भवति शिरसस्त्वय्यवनतिः ॥१३॥*

ખંભાતને કેમ્બે કહેનાર વ્યક્તિઓને આ શ્લોક શુદ્ધ રીતે બોલતા કેટલો સમય લાગે ? પરંતુ આ શ્લોકો ભારતભરમાં નિત્ય ઘરે-ઘરે અને મંદિરે મંદિરે કંઠસ્થગાન રૂપે ઉચ્ચારાય છે. મોટાભાગે શુદ્ધ સ્વરૂપમાં જો આ શ્લોકો શુદ્ધ સ્વરૂપે બોલી શકો તો તમે અઘરામાં અઘરા ઉચ્ચારણ માટે સિદ્ધ છો. અર્વાચીન સંસ્કૃતમાં પુનાના કેટલાક સંસ્કૃતજ્ઞોએ સંસ્કૃત ભાષાને આધુનિક સમાજમાં પ્રચલિત અને સંભાષણયુક્ત રાખવા સહજ સંસ્કૃતાનુરાગથીજ એક સંસ્કૃત 'રેપસૉંગ' બનાવ્યું. જેની એક-બે પંક્તિ આ પ્રમાણે છે.

*अचलित - निचलित - विचलित विजला*
*जलधर - नभजल - नवजल सुजला*
*अनुमत गमना प्रचलित व्यजना*
*प्रदहन विदहन कटिका पूटिका*
*शास्त्र शकटिका याता । शास्त्र शकटिका याता ॥*

આવી ૧૨ પંક્તિઓ છે. પ્રત્યેક સંસ્કૃત ભાષારૂપી શાસ્ત્રની ગાડી (શકટિકા) નું સુંદર વર્ણન કરે છે. જે પોતે એક 'Tongue Twisters' સમાન જ છે.

આ રીતે જો સંસ્કૃતમાં ઉચ્ચાર શુદ્ધિ થાય તો અંગ્રેજી ભાષામાં શુદ્ધ ઉચ્ચાર માટે સૂચવેલા નીચેના 'Tongue Twisters' બહુ અઘરા નહીં લાગે.

આપણે 'મોટાથી નાના તરફ' અને **'સરળથી કઠિન તરફ'** બન્ને સિદ્ધાંતોને અનુસરીને કેટલાક ઉદાહરણ જોઈએ.

જો લય પકડીએ, અને 'અર્થ' જાણવાનાં મોહમાંથી મુક્ત રહીએ તો આ Tongne Twister પ્રમાણમાં મોટું પણ ઘણું સરળ છે.

How many cans can a canner can
If a canner can can can !
A canner can can as many cans
As a canner can,
If a canner can can cans. !!

સ અને શ - નાં અભ્યાસ માટે આ Tongne Twister સારું છે.

Swim Sam swim. Show that you are a swimmer. Six sharp sharks are out to eat your liver.

અહીં sharp, sharks, અને Sam Swim ધ્યાનથી બોલવા ઘટે. વર્ણાનુપ્રાસ યુક્ત આ T.T. ગુજરાતીનાં "કાકાએ કાકીને કહ્યું કે કાચના કબાટમાંથી કાચી કેરીનું કચુંબર કાઢો."ની યાદ અપાવે તેવું છે.

Dodos dog died of distemper,
the disease that does dogs down.

થોડુંક નાનું પણ અઘરૂં T.T. આ છે.

High roller. Low roller. Lower a roller. માત્ર અંતિમ પંક્તિ પણ અઘરી પડે તેવી છે.

આ ઉપરાંત મોટી સૂચિ આપી શકાય. મુદ્દોએ છે કે અંગ્રેજીમાં ઉચ્ચાર સુધારવા માટે આવા કેટલાક 'Tongue Twisters' નો અભ્યાસ કરવાથી અંગ્રેજી ભાષાને અનુરૂપ જીભને કેળવી શકાય છે. બાળકો માટે ગમ્મત સાથે થતું આ કાર્ય તેમનાં ઉચ્ચાર સ્પષ્ટ શુદ્ધ કરવા ઘણું ઉપકારક બની રહે. એક (ચેલેન્જ) પંથા વ્હાહ્‌ન(ચેલેન્જ) ની જેમ આપેલ આવું કાર્ય બાળકો અને પરિવારનાં બધા સભ્યોને પ્રવૃત્ત કરી શકે છે. કરવા જેવું છે. સરળ છે. ગુજરાતી હોવાનાં ગૌરવ સાથે અંગ્રેજી માટેની લઘુતાગ્રંથિને દૂર ધકેલીને આત્મગૌરવ સાથે ચાલો વાચાશુદ્ધિ સાધીએ.

ગ્રંથગોષ્ઠિ

# સાસુવહુની લડાઈ : સામાજિક પ્રતિબિંબ ઝીલતો દિશાસુચક દસ્તાવેજ

ડૉ. હેતલ કિરીટકુમાર ગાંધી (વ્યાખ્યાતા : ગુજરાતી)

ઈ.સ. ૧૮૬૬માં પ્રકાશિત અર્વાચીન ગુજરાતી સાહિત્યની પ્રથમ સામાજિક નવલકથા તરીકેનું સન્માન પામેલી મહીપતરામ રૂપરામ નીલકંઠની કૃતિ 'સાસુવહુની લડાઈ' સુધારકયુગના પ્રતિબિંબ સમી આગવી કથા છે. ૧૯મી સદીમાં સુરતી કેળવણીકાર મહીપતરામ નીલકંઠ સમાજની રૂઢ વ્યવસ્થા પર આ કથા દ્વારા કટાક્ષ કરે છે. સમાજસુધારકની કલમે લખાયેલી આ મૌલિક કૃતિનો સ્પષ્ટપણે મુખ્ય હેતુ સમાજસુધારાનો જ હોવાને કારણે નવલકથામાં કથાપ્રવાહ સાથે લેખક વચ્ચે વચ્ચે પોતાના વિચારો અને સૂચનો ત્રીજા પુરુષની કથની દ્વારા વ્યક્ત કરતા જ રહે છે.

'સાસુવહુની લડાઈ' નાગરનાત જેવી જ્ઞાતિને કેન્દ્રમાં રાખીને સંસારચિત્રને રજૂ કરતી કથા છે. એ સમયમાં જ્ઞાતિનું સંકુચિત વલણ, રીતિરિવાજો, રૂઢિઓ, અંધશ્રદ્ધા, દંભી વલણ(વિધિઓ), જુલ્મી વલણ અને આ જડતાને લીધે ઉદ્‌ભવતી વિવિધ સામાજિક સમસ્યાઓ પર ગંભીર તેમજ રમૂજ વાક્યપ્રયોગો તથા કથાપ્રયોગોથી સંસાર સુધારણાના ભાવની લેખકે ગૂંથણી કરી છે. મધ્યકાળમાં અને પુરાણોમાં આલેખતી કથા કે વાર્તા કહેવાની ટેકનિકનો લેખકે અહીં સુંદર પ્રયોગ કર્યો છે. પરંપરાગત લઢણમાં કથાનો પ્રારંભ કરતા લેખક લખે છે,

'અમદાવાદ જિલ્લામાં મોડાસા કરીને નગરી હતી...'(પૃ.૧)

ત્યારબાદ સ્થળ-સંદર્ભ આપી લેખકે સીધો વાર્તાનો દોર નાયિકા 'સુંદર' સાથે જોડી આપે છે. સાતમે વરસે તેનો થયેલો વિવાહ અને નવમે વરસે પરણાવવામાં આવી. ચૌદમે વર્ષે સાસરે વિદાય થઈ. ત્યાં લેખક ઉલ્લેખે છે કે, 'તે ત્યારથી એની દુર્દશાનો આરંભ થયો' અહીં આગળ નવલકથાના રસની ગતિ અને મુખ્ય કથાની દિશા નક્કી કરી દેતા લેખકની કલમ બોલકી બનતી જણાય છે.

સુંદરના કુટુંબમાં પતિ હરિનંદ, સસરા રામાનંદ, સાસુ અનપુર્ણા, નણંદ કમળા, જેઠ વિજીઆનંદ અને જેઠાણી ચંદા, કથાના અંત ભાગમાં મુખ્ય રોલ ભજવતા પઠાણ-દંપતી અને બીજા ગૌણપાત્રોની આ આખી કથામાં સમયાંતરે સંકલના થઈ છે. બધા પાત્રોના બાહ્ય અને આંતર દેખાવને સૂઝપૂર્વક ચીતર્યો છે. ફિલ્મ કે ધારાવાહિકમાં જોવા મળતી ક્રૂર અને શંકશીલ સાસુ, પોતાના પિયર પર હંમેશા હુકમ ચલાવવાના કોડ રાખતી નણંદ, નાયિકા પર વગર વાંકે ત્રાસ ગુજારતો પતિ, ચારેબાજુથી દુઃખના ડુંગર નીચે દબાયેલી વહુ - જેવી જ કથા અહીં પણ જોવા મળે છે. ખૂબ સુંદર સૌમ્ય એવી 'સુંદર' વહુ પર સાસુ માનસિક ત્રાસ ગુજારે છે, તો તેના પતિ હરિનંદને ભોળવીને એ કપટી મા-બહેનની જોડી સુંદર પર શારીરિક ત્રાસ આપવાની પેરવી કરે છે. સાસુના આ કડવા વેણ કે પતિનો માર ખાધા પછી પણ સુંદર બધાને પોતાના કરવા અને સુશીલ વહુ બનાવા પ્રયાસરત રહે અને એક પણ વાર તેની સાથે થતા અન્યાયનો પ્રતિકાર કરવા કે ઘર છોડવાનું નામ સુધ્ધા ન લે ! તે જમાનામાં અક્ષરજ્ઞાન ન મેળવેલી સ્ત્રીઓ પોતાની સમસ્યાઓની અને પ્રશ્નોના ઉકેલ માટે કોઈ રસ્તો ન જડતા અંધશ્રદ્ધા અને મંત્ર-તંત્રનો સહારો લેવાનું વિચારે. આજે પણ મંત્ર-તંત્રના ઢોંગમાં સુશિક્ષિત સમાજ અટવાયું છે તો ત્યારે તો આવા કિસ્સાની માત્રા પ્રમાણમાં વધુ હશે. આખરે તો સાહિત્ય સમાજનું જ પ્રતિબિંબ ઝીલે છે. કથાની નાયિકા સુંદર સાથે તેનો પતિ મારઝુડ તો કરતો હતો પણ સમય જતા કોઈ બીજી સ્ત્રી સાથે સંબંધમાં સુંદરના કિંમતી ઘરેણાં તેને આપી દે છે અને ઘરેણાં ખોઈ નાખવાનો આરોપ સુંદર પર જ લગાવે છે એ બધાથી ત્રાસી ચૂકેલી નિઃસહાય સુંદર 'એળે નહીં તો બેળે' આ બધું સુધારવાની લ્હાયમાં મંત્ર-તંત્રની જાળમાં અટવાય છે. આમ, ચંદાને બાળકો નથી તેથી તે પણ મંત્ર-તંત્રનો સહારો છે. આમ સુંદરની જેઠાણી બાળક મેળવવા માટે અને સુંદર પોતાના પતિને વશમાં કરવાના બહાને જેઠાણી ચંદા સાથે ફકીર પાસે જાય છે. જમલા પીરના રોઝે સાંઈ પાસે ગયેલી દેરાણી-જેઠાણીના પતનની ક્ષણે બધા બ્રાહ્મણોને આ વાતની જાણ થતાં બ્રાહ્મણો તેમને બચાવવા ત્યાં જઈ પહોંચે છે. તે જ વખતે સુંદરને પાછલે બારણેથી બહાર ભગાડી મૂકાય છે અને તે હસનખાં પઠાણને ત્યાં જઈ પહોંચે છે. ત્યાં સુંદર ગંભીર માંદગીમાં પટકાઈ. પઠાણ-દંપતી તેની દવા કરાવે છે અને તેના મનોરંજન માટે જાતજાતની વાર્તાઓ કહે છે. અહીં, શામળની આડકથાઓની જેમ લેખક પણ ભાવકને જકડી રાખવા અને કથાને રસપ્રદ બનાવવા પ્રસંગ અનુરૂપ ઘણી આડકથાઓનો સાથ લઈને સમાજને શિખામણ આપવાનું

ચૂકતા નથી. સ્ત્રીઓની ઈજ્જત કરવા સારું ગંગાશંકરે હરિનંદને સમજવવા કરેલી હઠીસિંહ આદમીની કથા, વાઘની ઉત્પત્તિની આડકથા, ગણપતિની વાર્તાઓનો નવલકથાકાર કથામાં પ્રસંગાનુપાત વિનિયોગ કરે છે.

*'કાગ વાહાલુંકુંભ જળ, પટલ વાહાલી જાતર;*
*બ્રાહ્મણ વાહાલા લાડવા, ને મીયાંવહાલી પાતર.'*

આ કહેવત પરથી કથાકાર વાર્તા ઉમેરે છે, આ પદ્યવાર્તા પછી સુંદરની અને ઘણી નિંદા થવા લાગી અને જે લોકો વચ્ચે ચર્ચા ચાલી તે અનુસંધાન મોડાસાના કોઈ એક કવિએ સુંદર અને પઠાણનું ગાણું જોડા કાઢ્યું. જે પ્રખ્યાત ગીત લેખક અહીં જોડે છે...

'સુંદર સુણો મારી જાન, મારાં દીલ લાગ્યાં પઠાણ રે...' (પૃ. ૧૧૭) આ ઉપરાંત પઠાણે કહેલી રાજપૂતો વિશેની આડકથા, મરણ વખતે કૂટવા માટેનું ગીત જેવું વિશેષ સંધાન નવલકથાની વસ્તુસંરચનાને ઉપકારક બને છે.

તે સમયની સામાજિક બદીઓમાં સ્ત્રીહત્યા, બાળલગ્ન, ગુલામડી જેવી સ્ત્રીની હાલત વિધવા અવસ્થાની કરુણતા તથા તલાક ન લેવાની રીતિ, ફક્ત પૈસા ખાતર પાંચ-પાંચ સ્ત્રી (દીકરીઓને) પરણાવવાની પ્રથા, જેવા વિવિધ અજ્ઞાન તરફ કથાકાર આંગળી ચીંધે છે. તેઓ લખે છે કે, 'પાટીદારમાં તો દીકરીઓને જીવાડતા જ નહીં... કાં ઝટ દૂધ પીતી કરે, કે રીબાવીને મારે...'; દીકરી એ હલકી માટી' એવી કહેવત તેથી જ પ્રચલિત થઈ. આ ઉપરાંત 'છોકરો મરી જાય તો છાટી કુટી નાંખે, વહુ મરી જાય તો પાપ ગયું...; કીડી મોઈને વહુ મોઈ બરાબર... ફરીને પરણી બીજા રૂપિયા આવશે... વહુ તો એક મરે ને બીજી આવે.' (પૃ.૨૪) આ માનસિકતા અહીં ઉજાગર થાય છે. સુંદરની આખી માનસિક સ્થિતિ માટે જવાબદાર સમાન પંચલાઈન 'પોતાનાં હોય તેને કહીએ, પારકાને ના કહીએ...' દ્રષ્ટિગોચર થાય છે. આ સિવાય પણ ઘણા પ્રસંગે મહિપતરામ સ્ત્રીઓની સામાજિક સ્થિતિ આલેખે છે. જેના થોડા ઉદાહરણ જોઈએ તો -

- 'આપણા દેશમાં વહુને મારવી એ સાધારણ છે, તેથી વિશેષ કરીને બે-ચાર છોકરાની મા થાય, કે સાસુ મરી જવાથી ઘરનો કારભાર તેને હાથ આવે ત્યાં સુધી ઘણી વહુઓની મેણા, ગાળ અને માર વડે પુજા થાય છે.' (પૃ.૫૭)

- 'કેટલાકને છોકરો નહીં હોવાને લીધે છોકરી વેચવા માંડી છે... પોરી વેચનાર ભાઠેલાઓ પોતાને છોકરી થઈ તો ઘણા જ ખુશી થાય છે. પરંતુ આ ઉપલા વિચાર બધા ભાઠેલાના મનમાં નથી. દેજ લેવાનો અને તરખલું કરવાનો પહેલવહેલો રિવાજ વલસાડ પરગણાના કેટલાક ભાઠેલાએ દાખલ કર્યો.' (પૃ.૬૮)

- અનાવળા બ્રાહ્મણોએ ગુજરાતીમાં માઠી ચાલ પાડી તે, સીમંત વખતે એક દિવસ, મરણ વખતે પાંચ દિવસ, પરણતી વખતે ત્રણ દિવસ, ઉપવિત વખતે એક દિવસ, એ પ્રમાણે વધારેમાં વધારે ખર્ચ થાય છે. (પૃ.૬૮, ૬૯)

બ્રાહ્મણ કુટુંબની આ કથા સાથે કથાકાર વાણિયા, દેસાઈ, નાગર, અનાવીલા બ્રાહ્મણ, રાજપૂતો, ભાઠેલા, પઠાણ એવા ઘણી બધી જાતિઓના રીતિ-રિવાજો, વિશેષતા, ઉણપોને સાંકળી લે છે.

આ ઉપરાંત તે સમયના ગુજરાતી અને હાલમાં શિષ્ટ ગુજરાતીના જોડણી ભેદો પણ નહીં સ્પષ્ટપણે દેખાય છે. એવા કેટલાંક વાક્યો જોઈએ તો,

- 'એનામાં જે અપલક્ષણ હતાં તેમાનું એક એ હતું કે એને ઘરણા પહેરવાનો અધથી વધારે શોક હતો.' (પૃ.૨)

- 'સારી સ્ત્રીઓમાં લાજ, શરમ, વિવેક ને નારમાસ હોય છે.' (પૃ.૪)

- 'નમાઈ ને ન બાપી થઈ તોએ એની ક્રૂર સાસુ, નણંદ અને ઊંટ જેવા વરના મનમાં દયા ન આવી.' (પૃ.૭)

- 'જેમ ધણીન ધીબાવેલો એવી કોક જ હારુન બાયડી હોય, તેમ નારીને ગાળો ન ભાંડેલી અને કદી મારેલી નહીં એવો એકે પુરુષ ભાગ્યે જડશે. એ વાતમાં જંગલીપણું બહું ઓછું એવાં ઘર છે.' (પૃ.૫૭)

- 'ઉંચા કુળનો હોય તો સંસાર સુખ શું ભોગવશે તેનો કશો વિચાર કરતા નથી. 'વાંકો ચુકો પણ ઘઉંનો રોટલો.' મતલબ કે ગમે તેવો છે પણ કુળવાન દેસાઈ છે. એમ વિચારી આંધળીઓ કરે છે ને કન્યાને પરણાવે છે.' (પૃ.૬૧)

- 'ગોપરજી બોઉં હારુ બોલ્યા...' (પૃ.૬૩)

- 'કામ થાય તો રે નીતો ચાલીજા. જો આ મોટો રસ્તો, ને હંગાથ જોએતો તે હૌ કરી આપું, મારા પોર્યાને અમથો ફાંહમાં લખ્યો એવું જાણે તેતો પણવતેઓની.' (પૃ.૬૫)

આ ઉપરાંત વિવિધ પ્રસંગોને ગીતોનો પણ સમાવેશ સુપેરે કર્યો છે. જેમકે, -

*'દમડીકી રાઈ, સાસુ વહુકી લડાઈ'*
*આધી રોટી ચોરઈ, ખુણે બેઠકર ખાઈ;*
*સાસુ મારવા ધાઈ, વરે કુવામાં ગીરાઈ'* (પૃ.૨૪)

- 'રજપુતાણી ડાહીને તેના દીકરા રજપૂતો બેવકૂફ, વાણીઅણ ગાંડી વલવલ ને તેના દીકરા વાણીના શાહાણા ને બુદ્ધિવાન.' (પૃ.૧૩૧)

ઘણા સ્થાને કહેવતો, રૂઢિપ્રયોગો, કાવ્યાત્મક ભાષા, તે સમયમાં પ્રચલિત એવા કાવ્યો, છંદોબદ્ધ કાવ્યપ્રયોગો, પરમ્પરાગત ઉક્તિઓનો કથાકાર વસ્તુસંકલના કરી યોગ્ય


માહિતી પૂરી પાડે છે. આ સિવાય ઉત્તર ગુજરાતથી લઈ દક્ષિણ ગુજરાત સુધીના લોકોના વાણી-વર્તન-વ્યવહારને એક જ કથામાં આલેખી આપે છે. 'હાશ્ય', 'હુંગેલી હોય' (સુતેલી હોય), 'વહેલી'(વ્હેલી), ગૃહસ્થોના બદલે ગૃસ્થો, ઉત્સાહીના બદલે હોંસીલી, રેહેતો(રહેતો), દેવદર્ષણમાં 'શ'ને બદલે 'ષ', આવા સુરતી બોલીના શબ્દપ્રયોગો, નાગરી નાતના બ્રાહ્મણ ઘરોમાં બોલતા શબ્દો, પઠાણ લોકોની હિન્દી મિશ્રિત ઉર્દૂ-ફારસી ભાષાનો પણ અહીં સુંદર વિનિયોગ થયો છે. જેમકે, 'એશા ઢોંગ !'

વાર્તાના અંત ભાગમાં સુંદર પઠાણને ત્યાં બીમારીવશ પથારીમાં પડી છે. તેને ન્યાય અપાવવા માટે પઠાણ તજવીજ કરવાનું કહે છે, ત્યારે ભારતીય પતિવ્રતા નારીની જેમ સુંદર કહે છે, 'હવે મારે આજકાલ મરવું છે; પણ મૂઆ અગાઉ મારે માંગવાનું એ છે કે મારા વરને શિક્ષા કરશો નહીં, મારી ખાતરે તેને છોડી દેજો એની ભૂલચૂક હું માફ કરું છું, ને તમે પણ તેમ કરજો, એના કરતાં એની મા-બહેન વધારે અપરાધી છે. મારી હત્યા તેમને શિરે છે... એ ઝગડાનો અંત મારા મોતની જોડે આણો એવી મારી ઇચ્છા છે, મારા વરને તથા મારાં કોઈપણ સાસરીઆને હવે હેરાન કરશો નહીં.' (પૃ.૧૩૧)

આ સાથે લેખક 'આ સદગુણી અને નિરપરાધી સ્ત્રીની કાણી અહીં પૂરી છે.' (પૃ.૧૩૨) એમ, આપણી પરંપરાગત વાર્તામાં 'ખાધું-પીધુંને મોજ કરી' એમ સુખદ અંત ન આવતા સુંદરના મૃત્યુ પછી પણ તેના ઘરમાં બનતી ઘટનાઓને લેખક આલેખે છે. છેલ્લે બ્રાહ્મણોની જ્યાં નાત જમાડવામાં આવી ત્યાં કથાકાર બ્રાહ્મણોના વેશ અને આદતોનો કટાક્ષયુકત, વૈવિધ્ય અને વિચિત્ર ચિત્રણ કરતા જણાય છે. આ પછી સુંદરના સાસરાવાળાઓને નાત બહાર મુકવા, નાતના બ્રાહ્મણો કહે છે કે, 'મુસલમાન ફકીરની જોડે એમની વહુવારુ જતી રહી, તે રાત્રે તેની સાથે તેનું રાંધેલું જમી, બીજી વહુવારુ મુસલમાનના ઘરમાં ખાટલામાં મરી ગઈ, તેનું પુતળ વિધાન ન કર્યું...' આ અધર્મના બદલારૂપ તેરમાના દહાડે રામાનંદ પંડ્યાએ (સુંદરના સસરા)એ ચુરમા(છુટ્ટા લાડુ)નું જમણ કર્યું. અહીં જ્ઞાતિજમણ વખતે આંધી આવવાનો પ્રસંગ જાણે એ કરુણ 'મૃત્યુ'ના પ્રતિકરૂપ સાસુ અનપુર્ણાની અફસોસ વાણીથી જરાય સંતુષ્ટ થતો નથી. અનપુર્ણાનો અફસોસ 'નાત ધૂળ ખાતી ભૂખી જાય' એના માટે છે પરંતુ વહુના મૃત્યુ માટે નથી. તેથી જ સુંદરની બહેનપણીઓના મુખેથી કહેવડાવે છે કે, 'રોયા રાક્ષસ, મુવાની પાછળ તે શોક હોય કે મીજબાની.' (પૃ.૧૪૫) આમ, સુંદરના મૃત્યુ સાથે એક મેલોડ્રામેટિક કથાવસ્તુનો અંત આવે છે.

સામાજિક સંદર્ભની પૃષ્ઠભૂમિ પર રચાતી અને નવલકથા ઘણા ગુણોને કથામાં વણીને સમાજ સાથે પ્રસ્તુત કરતી આ કથામાં કથાકાર પોતાના સમાજમાં તથા સ્ત્રીઓની અવદશા અને સ્ત્રીઓની સ્થિતિનો સચોટ ચિતાર આપે છે. એ સાથે પોતાના એ સમયમાં જણાતા સુધારક વિચારોને આખી કથામાં સલાહરૂપે કે આડકથાઓરૂપે કહેતા રોકી શકતા નથી. તે સાથે જ સાસુ-વહુના પરંપરાગત સંબંધોને હાસ્ય અને કરુણરસમાં ભેળવીને ઐતિહાસિક દસ્તાવેજરૂપે પ્રસ્તુત કરવાનું ચૂકતા નથી. 'સાસુવહુની લડાઈ'એ અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સામાજિક પ્રતિબિંબ ઝીલતો દિશાસૂચક દસ્તાવેજ છે.

## આપણા વિદ્યાર્થી દ્વારા લખાયેલ પુસ્તકનું પ્રકાશન




*કડી મુકામે તલાટી તરીકે ફરજ બજાવી રહેલા શ્રી જગદીશભાઈ; ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયમાં બી.એ./એમ.એ. સુધીનો અભ્યાસ કરી ચુકયા છે. વિદ્યાર્થીકાળમાં આપઘાતના વિચારથી પીડિત જગદીશભાઈને કેશુભાઈ ખોડીદાસ પટેલ નામના સજ્જનનો ભેટો થયો. કેશુભાઈના સંપર્કથી જગદીશ નામના યુવાનના જીવનમાં પરિવર્તન આવ્યું. એક પ્રેરક વ્યકિતત્વ, સેવાનિષ્ઠ સજ્જન કોઈ હતાશ યુવાનના જીવનમાં કેવો મોટો વળાંક લાવી શકે તેનો અહેસાસ જગદીશભાઈના જીવનમાં આપણને જોવા મળે છે.*

*જગદીશભાઈનો જન્મ દલિત પરિવારમાં થયો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામથી ચાલતી યુનિવર્સિટીમાં તેમની કારકિર્દીને વિસામો મળ્યો. વાચન, નિરીક્ષણ અને જીવન અનુભવના નિચોડરૂપ પુસ્તક તેમની પાસેથી મળ્યું. 'કેશવ' જીવનચરિત્રનું પુસ્તક છે. આ પુસ્તકના નાયક છે કેશુભાઈ ખોડીદાસ પટેલ. જગદીશભાઈના જીવનની માવજત કરનાર સન્નિષ્ઠ સેવા પુરુષ કેશુભાઈના જીવન પ્રસંગોને જગદીશભાઈએ આ પુસ્તકમાં લાગણીપૂર્વક વણી લીધા છે. જગદીશભાઈએ પોતાના જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર મહાનુભવ પ્રત્યેનો આદર શબ્દસ્થ કરીને નોંધપાત્ર ઉદાહરણ પૂરુ પાડ્યું છે. જગદીશભાઈને હાર્દિક અભિનંદન. આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થી પાસેથી જીવનચરિત્ર સ્વરૂપનો ગ્રંથ મળે છે એ આવકાર્ય ઘટના છે.*

# शिक्षा का मान

– डॉ. कुसुम बी. शर्मा व्याख्याता-हिन्दी डॉ. बा.आ.ओ.युनि.

शिक्षा के महत्त्व से हम सभी लोग भली-भाँति परिचित हैं । फिर भी विद्यार्थिओं को शिक्षा की विशेषताओं के बारे में जानकारी देकर उन्हें विशेष रूप से आकर्षित करना, मैं अपना कर्तव्य समझती हूँ ।

विद्या के बिना व्यक्ति का जीवन व्यर्थ है । ज्ञान का अमृत पीकर ही मानवता का बचपन जवान होता है । ज्ञान हर मुश्किल को आसान बना देता है । पत्थर दिल व्यक्ति को भी तराश कर तेजस्वी इन्सान बना देता है । मेरे प्यारे विद्यार्थी भाई और बहनो आप सब भी पढ़ लिखकर विद्वान बनो जिससे तुम्हें जीवन का पथ आसान लगे । हर तरफ तुम्हारी कीर्ति फैले और सब आपको अपने देश की शान कहें । शिक्षा सारे संसार में पूजी जाती है । हर जगह इसका सम्मान होता है । इस तथ्य की पुष्टि मैं यहाँ एक कथानक द्वारा करना चाहुँगी –

प्राचीन काल में एक राजा था । उसकी एक महा विदुषी राजकुमारी थी । राजा ने उसके विवाह के लिए स्वयंवर रचा और शर्त रखी कि, जो भी राजकुमारी के प्रश्नों का जवाब देगा उसी के साथ राजकुमारी की शादी होगी । लेकिन स्वयंवर में उपस्थित कोई भी विद्वान राजकुमारी के प्रश्नों के उत्तर नहीं दे पाया । इस तरह बार-बार स्वयंवर रचा गया, राजा, महाराजा विद्वानजन स्वयंवर में भाग लेने आते और निराश होकर लौट जाते । एक बार कुछ विद्वान लोग स्वयंवर में भाग लेने के लिए आ रहे थे । उन्होंने रास्ते में एक आदमी को वृक्ष की डाली पर बैठकर उसी डाली को काटते हुए देखा और उसे महामूर्ख समझकर अपने साथ ले लिया । उन विद्वानों ने किसी न किसी तरह विदुषी राजकुमारी की शादी उस महामूर्ख के साथ कराने का निश्चय किया । सभी लोग स्वयंवर में पहुँच गये । स्वयंवर शुरु होने पर राजकुमारी ने अपने हाथ की पाँच उंगली चलाकर अपना हाथ दिखाया । उस व्यक्ति ने सोचा कि, राजकुमारी थप्पड़ दिखा रही है उसने तुरन्त मुक्का दिखा दिया । स्वयंवर में उपस्थित सभी विद्वानों ने तालियों की गड़गड़ाहट की और कहा कि यह राजकुमारी के प्रश्न का सही उत्तर है । राजकुमारी का प्रश्न था कि, संसार में पाँच तत्व हैं और उत्तर में बताया गया कि संसार पाँच तत्वो के मेल से बनता है । इस बात को उपस्थित विद्वानों ने सही माना और राजा की शर्त के अनुसार उस मूर्ख के साथ राजकुारी का विवाह करा दिया ।

विवाह के बाद राजकुमारी को उसकी मुर्खता का पता चला । राजकुमारी ने उस मूर्ख को पढ़ाना शुरु किया और उसे शिक्षित बना दिया । राजकुमारी अपने पिता के घर रहने लगी । कुछ समय बाद राजकुमारी ने एक बेटे को जन्म दिया । एक दिन राजकुमारी का वह मूर्ख पति अपने बेटे को पढ़ा रहा था – "राजा का मान राज्य की सीमा तक और विद्या का मान सारे संसार में" यह वाक्य महाराज ने सुन लिया और उसे अपने राज्य से निष्काषित कर दिया । उसने इसे अपना घोर अपमान समझा और वह गहन अध्ययन में लीन हो गया । जिसके फलस्वरूप वह व्यक्ति सारे संसार में 'कवि कालिदास' के नाम से सुप्रसिद्ध हुआ ।

यही है शिक्षा का महत्त्व ! इसलिए प्रिय विद्यार्थिओ तुम शिक्षा के महत्त्व तो समझो और गहन परिश्रम और लगन से विद्या अध्ययन करो, इससे न केवल तुम्हारे व्यक्तित्व का विकास होगा बल्कि, समग्र राष्ट्र का विकास होगा । राष्ट्रपिता महात्मा गांधी ने कहा है । "पुस्तकों का महत्त्व रत्नों से अधिक है क्योंकि रत्न बाहरी चमक-दमक दिखाते हैं जबकि पुस्तकें हमारे अन्त:करण को उज्जवल करती हैं ।

यही है शिक्षा का महत्त्व !

## નમ્ર નિવેદન

"જ્ઞાનગંગા" આપણા સહિયારા પ્રયાસોનું ફળ છે. આપની વિદ્યાકીય સક્રિયતાના પરિણામ સ્વરૂપ સંશોધન લેખ પાઠવશો તો અનુકૂળતાએ પ્રસિદ્ધ કરીશું. આપના પ્રતિભાવનું સ્વાગત છે. દરેક અભ્યાસકેન્દ્રને માહિતી- વિગત- અભિપ્રાય મોકલવાનું હાર્દિક નિમંત્રણ છે.

આભાર

**ટીમ- બી.એ.ઓ.યુ**

# પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામનો શિક્ષણ વિચાર

– અનુ. હરેશ ધોળકિયા

**શિક્ષક પ્રજ્ઞાવાન હોવા જોઈએ :**

હું પણ એક શિક્ષક હોવાથી કહી શકું છું કે શિક્ષકો કોઈ પણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે, સ્તંભ છે. જેને કારણે દેશની બધી જ આકાંક્ષાઓ વાસ્તવમાં પરિવર્તિત થાય છે. સર્જનાત્મકતા એ શૈક્ષણિક પ્રક્રિયા, શાળાનું પર્યાવરણ અને, તે બધા કરતાં પણ, શિક્ષકની વિદ્યાર્થીઓની પ્રજ્ઞાને પ્રજ્વલિત કરવાની ક્ષમતાનું પરિણામ છે. ખરેખર, કેવળ શિક્ષકનો સમાજ જ પ્રબુદ્ધ નાગરિકોનો સર્જક છે. ડૉ. એસ. રાધાકૃષ્ણનના મત મુજબ દેશમાં શ્રેષ્ઠ પ્રજ્ઞાવાનો જ શિક્ષકો હોવા જોઈએ.

આપણી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ૫૦ લાખ શિક્ષકો કામ કરે છે. તેમાંના મોટા ભાગના તો દેશમાં પથરાયેલ છ લાખ ગામડાંઓમાં આવેલ શાળાઓમાં કામ કરી રહ્યા છે. ગામમાં શાળાનું માળખું ઊભું કરી દેવું એટલું જ પૂરતું નથી, પણ વિદ્યાર્થીઓ ત્યાં શીખી શકે એટલા માટે સુગ્રથિત પર્યાવરણ અને સમગ્ર કુટુંબ માટે આર્થિક પર્યાવરણ પૂરું પાડવાની જરૂર છે. જેથી શિક્ષક અને વિદ્યાર્થી બન્નેને ગામમાં રહેવાની પ્રેરણા મળી શકે. શિક્ષકોમાં શહેરોમાં બદલી કરાવવાની વૃત્તિ સહજ છે, કારણ કે તેઓ માને છે કે તેમનાં બાળકો કેવળ મોટાં શહેરોમાં જ સારું શિક્ષણ મેળવી શકશે. તેઓ એવું પણ અનુભવે છે કે શહેરી વિસ્તારમાં જે સગવડો મળે છે, તેની મદદથી જ તેમના જ્ઞાનમાં વધારો થઈ શકશે. આ પરિસ્થિતિ તાત્કાલિક ધ્યાન માગે તેવી છે.

ગ્રામવિસ્તારોમાં આ શિક્ષકોની જિંદગી સગવડભરી અને આકર્ષક બને તે માટે વિરાટ કાર્યક્રમો ઉપાડવા જોઈએ. આ માત્ર ભૌતિક, ઇલેક્ટ્રોનિક અને જ્ઞાન જેવાં જરૂરી જોડાણો ગામડામાં પૂરાં પાડી તેમને શહેરો જેવી સગવડો પૂરી પાડી શક્ય બનાવી શકાય. તે સમાંતરે ગામની આર્થિક સમૃદ્ધિ વધારવામાં પણ મદદ કરશે.

**ટેક્નોલૉજીની મદદથી શિક્ષણ :**

શહેર કે ગામડાં – બન્નેમાં આવેલી શાળાઓમાં અનુભવી શિક્ષકોની અછત છે અને માથાદીઠ શિક્ષકો પણ ઓછા છે. વર્ગો ૪૦ થી ૬૦ બાળકોથી ઊભરાય છે. અને તેમના વચ્ચે એક શિક્ષક જ છે. તેના માટે ચાલીસ મિનિટમાં દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ધ્યાન આપવું અશક્ય છે. આને કારણે ગુણવત્તા ડહોળાઈ જાય છે અને હોશિયાર અને સર્જનાત્મક વિદ્યાર્થીઓનો સ્વીકાર ન થવાથી શાળા છોડવાના બનાવો બને છે.

આ સમસ્યાઓના ઉપાયમાં ટેક્નોલૉજી સહાયભૂત થઈ શકે છે અને ટેક્નોલૉજીનાં સાધનો તથા ગુણવત્તાવાળા શિક્ષકો સાથે જોડાણના સંકલનથી ખાલી જગ્યા પૂરી શકાય છે. તે વિદ્યાર્થીઓને શીખવાની પ્રક્રિયામાં રસ જગાડશે અને ટકાવશે.

મારા મનમાં આવાં મોડેલની કલ્પના છે : દરેક રાજ્ય પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાંથી થોડા ગુણવત્તાવાળા શિક્ષકોને ઓળખી કાઢે. આ શિક્ષકોનો દૂર-શિક્ષણ દ્વારા સંસાધન તરીકે ઉપયોગ કરી આપણે સામાન્ય વર્ગમાંના ૪૦-૫૦ને બદલે હજારો વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પૂરું પાડી શકીએ.

વાસ્તવિક અને તાત્કાલિક સૂચનો તરીકે કમ્પ્યૂટરો સક્રિય શિક્ષણ અને મૂલ્યાંકન પૂરું પાડવા માટે અમૂલ્ય સાધન છે. બેઝીક વર્ડ પ્રોસેસિંગ પ્રોગ્રામો વિદ્યાર્થીને વિચારો અને અભિપ્રાયો પ્રગટ કરવામાં સ્વતંત્ર માધ્યમો તરીકે ઉપયોગી બની શકે તેમ છે. તો ઈ-મેઈલ વડીલોનાં મૂલ્યાંકન અને જૂથ-સંકલનની તકો પૂરી પાડે છે. વધારે આધુનિક આદાન-પ્રદાન કરતાં મલ્ટી-મીડિયા પેકેજીસ સંશોધન આધારિત શિક્ષણ આપી શકે છે જેનો વિદ્યાર્થીઓ વર્ગમાં કરવાના પ્રોજેક્ટો માટે ઉપયોગ કરી શકે છે અને તેનું નિદર્શન કરી શકે છે.

અહીં એ સૂચવવાનો જરા પણ ભાવ નથી કે કમ્પ્યૂટરને શિક્ષકની ભૂમિકા ભજવવા કહેવાય કે તેની જગ્યાએ મૂકી શકાય. વાસ્તવમાં પણ તે અનિચ્છનીય અને અવ્યવહારુ છે. પણ, તેના બદલે, કમ્પ્યૂટરને શિક્ષકને મદદ કરનાર શિક્ષણના એક અસરકારક સાધન તરીકે સ્વીકારવું જોઈએ. સોફ્ટવેર વિદ્યાર્થીને વ્યક્તિગત શીખવા માટે મદદ કરે છે. તેથી કેટલાક વિદ્યાર્થીઓ પોતાની ગતિએ એક વિષયમાં આગળ વધે, તો જેઓ પાછળ રહી જાય તેઓ શિક્ષક પાસેથી વ્યક્તિગત રીતે યોગ્ય ધ્યાન પ્રાપ્ત કરી શકે. કમ્પ્યૂટર શિક્ષકને પ્રત્યાયન અને અંગત મદદ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરશે.

દૂર-શિક્ષણનો ઉપયોગ વધવાથી તેને ચલાવવાનું ખર્ચ નીચું આવશે અને, સમાંતરે, ભૌતિક, ઇલેક્ટ્રોનિક અને જ્ઞાનનાં જોડાણો ગુણવત્તાયુક્ત શિક્ષકોને શાળામાં મદદ કરવામાં સહાયભૂત થશે. **સાભાર : આતમ વીંઝે પાંખ**

# માતૃભાષા વધામણીનું વાતાવરણ

– યોગેન્દ્ર પારેખ

(અસોસિએટ પ્રોફેસર- ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)

★ માતૃભાષા વંદનયાત્રા
★ વાંચે ગુજરાત
★ પુસ્તક મેળો...
★ માતૃભાષા અભિયાન...

અંગ્રેજી માધ્યમનાં આક્રમણના કારણે ગુજરાતી ભાષા-સાહિત્ય અંગે બેપરવા થતી જતી ગુજરાતી પ્રજા છેલ્લા ત્રણ ચાર વર્ષથી માતૃભાષા પરત્વે જાગૃત થતી જાય છે. દક્ષિણ ભારતની એક શાળામાં માતૃભાષામાં બોલવા બદલ એક વિદ્યાર્થીને અંગ્રેજી માધ્યમની એ શાળાના આચાર્યએ તેની ગરદન પર સ્લેટ લટકાવી ગુનેગારની જેમ તેનું પ્રદર્શન કરી અપમાનિત કર્યો. આ સમાચાર વાંચીને ચિંતનપૂર્વક સક્રિય થયેલા વરિષ્ઠ સર્જક ગુણવંત શાહને માતૃભાષા વંદનયાત્રાનો વિચાર આવ્યો. નરસિંહનગરી જૂનાગઢથી નર્મદનગરી સુરત સુધી વિસ્તરેલી માતૃભાષા વંદનયાત્રાને ઠેર-ઠેર અભૂતપૂર્વ આવકાર મળ્યો. દરેક ગામ-નગર-શહેરની સભાઓમાં જે તે વિસ્તારના સ્થાનિક સર્જકોએ માતૃભાષા વિશે વક્તવ્યો આપ્યા. સહુને સાથે લઈને ચાલવાનો સમગ્ર ઉપક્રમ પ્રશંસનીય હતો. સમયની શિસ્ત, આયોજનમાં વિવેક અને પ્રસાર માધ્યમોની હૂંફનો એ યાદગાર અનુભવ હતો. હાંસિયામાં ધકેલાતી જતી માતૃભાષા વિશે સમગ્ર ગુજરાતમાં એક સક્રિય વાતાવરણ નિર્માણ કરવામાં આ વંદનયાત્રા શુભ નિમિત્ત બની. વર્ગભેદ, વિચારભેદ અને પૂર્વગ્રહ યુક્ત વિચારવલણ ધરાવતા બૌદ્ધિકો પણ માતૃભાષા મામલે તર્કપૂર્વક સક્રિય થયા. ૧૮ નગરમાં બાવીસ જેટલી સભાઓમાં અડતાલીસ સાહિત્યકારો અને કેળવણીકારોએ સભાસંબોધન કર્યું. માતૃભાષા વંદનયાત્રાના આયોજનમાં ડૉ. મોતીભાઈ પટેલ, ડૉ. ભદ્રાયુ વછરાજાની આદિ કેળવણીકારોએ ક્ષણેક્ષણની સક્રિયતા દાખવી.

ગુજરાત સરકાર દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમોમાં 'વાંચે ગુજરાત'ને અભૂતપૂર્વ આવકાર મળ્યો. સાહિત્ય સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ, કેળવણીકારો અને અન્ય સમાજસેવી સંસ્થાઓનો સામૂહિક સામેલગીરીનો અનન્ય કાર્યક્રમ 'વાંચે ગુજરાત' તરીકે પ્રતિષ્ઠિત થયો. ગુજરાતના ગામડે-ગામડે, શાળા મહાશાળાઓમાં આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ આયોજનો થયા. ખાનગી પ્રકાશકો દ્વારા પણ 'વાંચે ગુજરાત' ઉપક્રમે ઠીક ઠીક પ્રમાણમાં નવાં પુસ્તકો અને વિશેષ વળતરની સુવિધા આપવામાં આવી. 'બુક કલ્ચર' પુસ્તક સંસ્કૃતિ, ગ્રંથગરિમા જેવા શબ્દો લેખન-વક્તવ્યમાં ગુંજવા લાગ્યા. બુકેથી નહિ પણ બુકથી સન્માન કરવાની પ્રથા કેટલીયે સંસ્થામાં શરૂ થઈ. ગ્રંથગોષ્ઠિ અને વાચનશિબિરના કાર્યક્રમો દ્વારા સાહિત્યિક વાતાવરણ નિર્માણ થયું. 'વાંચે ગુજરાત' કાર્યક્રમથી પ્રેરિત ઘણી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને વાચનભિમુખ કરવાના કાર્યોનું અનુસંધાન આજે પણ જળવાયું છે. 'વાંચે ગુજરાત' કાર્યક્રમ નહિ પણ નિત્યક્રમ બને એ જરૂરી છે. એ જવાબદારી શિક્ષકો, અધ્યાપકોની છે. માતૃભાષાના પ્રસાર-પ્રચાર માટે 'વાંચે ગુજરાત' કાર્યક્રમ ખૂબ લાભદાયી નિમિત્ત બન્યો છે.

સુરત મહાનગરપાલિકાના ઉપક્રમે યોજાતા પુસ્તકમેળાની જેમ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા યોજાતા રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન છેલ્લા બે વર્ષની નોંધપાત્ર સાંસ્કૃતિક ઘટના છે. ગુજરાતના તથા દેશના અગ્રગણ્ય પ્રકાશકોની અને સમાંતર સાહિત્યિક સાંસ્કૃતિક કાર્યક્રમોથી આ મેળો અમદાવાદની વિશિષ્ટ ઓળખ બની રહે છે. આ પુસ્તકમેળામાં વિવિધ ભાષા-સાહિત્યનાં પુસ્તકો મળવાની સાથે માતૃભાષા ગુજરાતીના વિસ્તાર માટેનો એક આગવો મંચ પણ બની રહે છે. અમદાવાદની જનતા માટે પુસ્તકમેળો વિભાવ-કાર્યક્રમ-સંકલ્પનાની ટેવ પડતી જાય છે. દર વર્ષે મ્યુનિ.કોર્પોરેશન દ્વારા આવી પહેલ થાય એ ખૂબ જરૂરી છે.

'ધન્ય ગિરા ગુજરાતી'ના ધ્યાનમંત્રીથી શરૂ થયેલ 'માતૃભાષા અભિયાન' ભાષા અને સંસ્કૃતિના જતન માટે સંકલ્પબદ્ધ છે. પી.જી. પટેલ અને રાજેન્દ્ર પટેલ જેવા સહૃદય સર્જકો અભિયાન કેન્દ્રો શરૂ કરવા સામેલગીરીને વિશે કૃત સંકલ્પ છે. અંગ્રેજી માધ્યમમાં ભણતાં ગુજરાતી બાળકોને માતૃભાષા શીખવવા માટે સમર્પિત ગુજરાતી શિક્ષકો, અધ્યાપકોનું એક જૂથ તૈયાર કરવાનું પણ માતૃભાષા અભિયાન અંતર્ગત વિચારણા હેઠળ છે. સમગ્ર ગુજરાતમાં માતૃભાષા અભિયાનનો વ્યાપ વધે એ આજના સમયની તાતી જરૂરિયાત છે. અસરકારક કાર્યક્રમો આપવા કે યોજવા એ માત્ર કાર્યવાહકોની જ જવાબદારી નથી પરંતુ ગુજરાતી વિષય ભણતા-ભણાવતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો અધ્યાપકોની સહિયારી જવાબદારી છે.

માતૃભાષા અભિયાન એ અંગ્રેજીના વિરોધ માટે નથી પણ માતૃભાષાની અસ્મિતા માટેનો લગાવ છે. ભાષા, સંસ્કૃતિ અને પરંપરાની વાહક છે. સ્વઓળખ કે ભાષાકીય અસ્મિતા પરના આક્રમણને ખાળવાનો પ્રયાસ છે. અંગ્રેજી પ્રત્યેના આદરમાં ઘટાડો કરવાનો આશય નથી. અંગ્રેજી શીખવાની જરૂરિયાત વિશેની વિવેકપૂર્ણ સભાનતા છે. અંગ્રેજી ભણવું જરૂરી છે પણ દરેક વિષય અંગ્રેજી ભણવા જરૂરી નથી એવી કેળવાયેલી સમજ છે. ગુજરાતી માધ્યમની શાળાઓમાં અંગ્રેજીના સારા શિક્ષકો હોય એ જરૂરી છે. એ રીતે અંગ્રેજી માધ્યમની શાળામાં માતૃભાષાનું શિક્ષણ વ્યવસ્થિત રીતે આપવામાં આવે એ પણ જરૂરી છે.

માતૃભાષા વધામણીનું વાતાવરણ નિર્માણ થયું છે. સર્વસ્તરીય સભાનતા અને ધ્યેયલક્ષી સમર્પણ હોય તો માતૃભાષા વિશેની અરાજકતાપૂર્ણ સ્થિતિમાંથી બચી જઈશું.

# માતૃભાષા અને પરભાષાનું સખ્ય

– **શાંતિલાલ ગઢિયા** (વડોદરા)

યાદ આવે છે સાડા ત્રણ દાયકા પહેલાંનો સમય, જ્યારે મિત્રો અને પરિજનોએ આશ્ચર્ય પ્રગટ કર્યું હતું કે તમે કૉલેજ-અધ્યાપક થઈને પુત્રીને ગુજરાતી માધ્યમની શાળામાં મૂકો છો ! મારી દલીલો એમને ગળે ઊતરી નહોતી, પરંતુ આજે વાસ્તવિકતા જોઈને એમની માન્યતા બદલાઈ છે.

માતૃભાષામાં શાળા શિક્ષણ લેનારનું અંગ્રેજી કાચું હોય, એ માન્યતા સદંતર ખોટી છે.. મારી દીકરી ચિ. નીમાએ ગુજરાતી માધ્યમમાં શાળા શિક્ષણ લીધા પછી એમ.એસ. યુનિવર્સિટી, વડોદરામાં લિંગ્વિસ્ટિક્સ (ભાષા-વિજ્ઞાન) વિષય સાથે એમ.એ. કર્યું. ભાષા તજ્જ્ઞ પ્રો. ગણેશ દેવી સાથે એન.જી.ઓ.માં કામ કર્યું. દરમિયાન નીમાને વિદુષી સન્નારી સુશ્રી શિરીનબેન રત્નાગર તથા સુશ્રી મહાશ્વેતા દેવીનો પણ સંપર્ક થયો. તેમની સાથે અંગ્રેજીમાં વ્યવહાર થતો.

દેશની આઝાદીની સુવર્ણ જયંતી પ્રસંગે વડોદરાની કલાકાર બહેનોને વિદેશોમાં સાંસ્કૃતિક કાર્યક્રમ આપવા જવાની તક મળી હતી, જેમાં નીમાનો પણ સમાવેશ થયો હતો. એક જગાએ લોક-નૃત્યોનો કાર્યક્રમ પૂરો થયા બાદ બહેનોને પ્રશ્ન કરવામાં આવ્યો કે 'ગરબો' શું છે ? એનો ઉદ્ભવ ક્યાં, કેવી રીતે થયો ? સૌ એકબીજાની સામે ક્ષોભથી જોવા લાગ્યા. પુત્રીએ હિંમતપૂર્વક અંગ્રેજીમાં સંક્ષેપમાં ગરબાનું મહત્ત્વ સમજાવ્યું. વડોદરા પરત આવીને કાર્યક્રમોનો રિપોર્ટ વર્તમાનપત્રોને મોકલવા માટે અંગ્રેજીમાં મુસદ્દો તૈયાર કરવાનો હતો. સંસ્થાના અધ્યક્ષશ્રીએ આ કામ નીમાને સોંપ્યું હતું.

માતાને આપણે મધુર વાણીથી બોલાવીએ છીએ. તેમ ગુજરાતી ભાષા બોલવામાં પણ ચોકસાઈ રાખવી જોઈએ. ક્યારેક શિક્ષકો પોતે ઉચ્ચારની બાબતમાં નિષ્કાળજી દાખવે છે.

એક આંતરરાષ્ટ્રીય સંસ્થાના આમંત્રણથી વ્યક્તિગત પાત્રતાની રૂએ દીકરી રશિયા ગઈ હતી. ત્યાં એક ઇન્સ્ટિટ્યૂટમાં એને અંગ્રેજી શીખવવાનું કામ મળ્યું હતું. હાલ નીમાની મોટી દીકરી કાત્યાયની ગુજરાતી માધ્યમની શાળામાં અભ્યાસ કરે છે. નાની દીકરી વિશ્વરૂપા જૂન '૧૩થી પ્રવેશ મેળવશે. એ પણ ગુજરાતી માધ્યમમાં જ ભણશે. ત્રણ ત્રણ પેઢી શાળા સ્તરે ગુજરાતી માધ્યમમાં શિક્ષણ મેળવે એનો અમને ગર્વ છે. ભારપૂર્વક કહેવા માંગું છું કે ગુજરાતી ભાષામાં રસ હોય તો એના વ્યાકરણમાં પણ રસ પડે છે અને એ પાયા પર અંગ્રેજી ભાષાજ્ઞાનનું ચણતર પણ મજબૂત બને છે. પ્રચ્છન્ન રૂપે આ વિકાસ પ્રક્રિયા ચાલતી રહે છે. શિશુ માટે માતાના દૂધનો વિકલ્પ નથી. શાળાશિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનો વિકલ્પ નથી.

અહેવાલ

— યોગેન્દ્ર પારેખ

# પરિચય તથા અભિમુખતા કાર્યક્રમ : એક

## સ્થળ: અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન(અમદાવાદ)

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયનો ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વ્યાપ વધતો જાય છે. વર્તમાન સમયમાં દૂરવર્તી શિક્ષણની અનિવાર્યતા અને વિવિધ સંદર્ભોમાં આવશ્યકતા સુવિદિત છે. તાજેતરમાં પીએચ.ડી. કરવા ઇચ્છતા ઉચ્ચ શિક્ષિત યુવાનો માટેની યુનિવર્સિટીની સક્રિયતા નોંધપાત્ર છે. અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને કોઈ પણ અભ્યાસક્રમમાં વિનામૂલ્યે પ્રવેશના બોર્ડ મેનેજમેન્ટના નિર્ણયને સાર્વત્રિક આવકાર મળ્યો છે. એકેડેમિક વિભાગમાં વિવિધ વિદ્યાશાખામાં નવનિયુક્ત શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને આવકારવા તથા દૂરવર્તી શિક્ષણની વિભાવનાથી સમગ્રતયા અભિમુખતા કેળવાય તેવા ઉમદા આશયથી ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના ઉપક્રમે તારીખ છઠ્ઠી જુલાઈના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન મુકામે પરિચય તથા અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યકારી કુલપતિ અને નિયામકશ્રી ડૉ. રવિ ગોર, કા. કુલસચિવશ્રી પીયૂષભાઈ શાહ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યશ્રીઓની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમ એક દિવસીય શૈક્ષણિક ચિંતનસત્ર સમાન બની રહ્યો.

ભારતીય પરંપરા મુજબ પ્રા. ભાવિન પરમારે રજૂ કરેલી પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. સમગ્ર કાર્યક્રમની ભૂમિકા કા. કુલસચિવ શ્રી પીયૂષભાઈને રજૂ કરી અને ડૉ. રવિ ગોરના સ્વાગત વક્તવ્ય બાદ બોર્ડ મેમ્બરશ્રી ડૉ. વિપુલભાઈ દેસાઈ, ડૉ. શ્રદ્ધાબહેન રાય, ડૉ. મંદાબહેન પરીખ, શ્રી જયરાજસિંહ પરમાર, શ્રી મૌલિક શ્રીમાળીએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઓપન યુનિવર્સિટીના કર્મચારીની ભૂમિકા તથા વિદ્યાલક્ષી અભિમુખતા વિશે વિશદ સમજ વ્યક્ત કરી અને શિક્ષણના સુચારુ વહીવટ વિશેના અભ્યાસપૂર્ણ મંતવ્યો અને ચિંતનશીલ અભિગમથી ઉપસ્થિત સહુ પરિચિત થયા.

બોર્ડ મેમ્બર શ્રી ડૉ. ધરમભાઈ કાંબલિયા, શ્રી પ્રજ્ઞેશભાઈ વાઘેલા, શ્રી પરાગભાઈ નાઇક, શ્રી મધુભાઈ પરમાર તથા શ્રી જ્યોર્જ ડાયસે પ્રાસંગિક વક્તવ્યમાં આપણી યુનિવર્સિટીની કામગીરી, કાર્ય પ્રણાલી સંદર્ભે સદસ્ય તરીકેના પોતાના વિચારો વ્યક્ત કરી નવા જોડાયેલા કર્મચારીઓને સ્વાગતપૂર્વક શુભકામના પાઠવી હતી. નવનિયુક્ત એકેડેમિક સભ્યો પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. મનોજ શાહ, ડૉ. હિરેન જોષી, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. કૃતિ છાયા, ડૉ. હેતલ ગાંધી, પ્રા. સંજય પટેલ, મદદનીશ કુલસચિવ ભાવિન ત્રિવેદી તથા ધવલ બેંકરે પોતાનો સંક્ષિપ્ત પરિચય આપવાની સાથે શિક્ષણક્ષેત્રના અનુભવને વિવેકપૂર્વક વ્યક્ત કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કામ કરવાની તક મળી તે વાતે આભારની લાગણી વ્યક્ત કરી પોતપોતાની નિસબતથી કાર્યરત રહેવાનો સંકલ્પ દર્શાવ્યો.

ભોજનબાદના દ્વિતીય સત્રમાં ઈગ્નૂના પૂર્વ પ્રાદેશિક નિયામક અને દૂરવર્તી શિક્ષણક્ષેત્રના સુપ્રસિદ્ધ કેળવણીકાર ડૉ. પી. કે. મહેતાના વક્તવ્યનો લાભ મળ્યો. ડૉ. પી. કે. મહેતાએ દૂરવર્તી શિક્ષણની વિભાવના સ્પષ્ટ કરી. મહેતા સાહેબનાં વિશાળ અનુભવના નિચોડરૂપ વક્તવ્ય સહુ કર્મચારી માટે પોતાના કાર્યક્ષેત્ર પ્રત્યે અભિમુખ થવાનો શૈક્ષણિક અવસર હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નિયામક અને વર્તમાન સમયમાં કાર્યકારી કુલપતિશ્રી ડૉ. રવિ ગોરે દૂરવર્તી શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણના વિવિધ આયામો વિશે એકેડેમિક કર્મચારીઓની કામગીરીની ગંભીરતા અને જવાબદારી વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. ઓપન યુનિવર્સિટી સિસ્ટમના ભાગ બનેલા અધ્યાપકોને એક અધ્યાપક તરીકેની પોતાની ઓળખ કે વિશિષ્ટતાને ઝાંખપ લગાડ્યા વગર કેળવણીકાર તરીકેની સક્રિયતાને વિશેષ રીતે ગતિમાન રાખવાની તાકીદ તેમણે કરી હતી. વહીવટી કામગીરી વચ્ચે પોતાના શિક્ષકત્વની માવજત કરવાના ધ્યેયને યાદ રાખવાનો સંકલ્પ તેમણે દોહરાવ્યો હતો.

કાર્યકારી કુલસચિવ શ્રી પીયૂષભાઈ શાહે પરિચય તથા અભિમુખતા કાર્યક્રમની અનિવાર્યતા અને સફળતા વિશે સંતોષની લાગણી વ્યક્ત કરી, બોર્ડના સદસ્યશ્રીઓનો આભાર માન્યો. પીયૂષભાઈએ નજીકના ભવિષ્યમાં આપણી યુનિવર્સિટીના શૈક્ષણિક પ્રકલ્પો, વર્તમાન સક્રિયતા અને દૂરવર્તી શિક્ષણ ક્ષેત્રે યુનિવર્સિટીની આગવી ઓળખ વિશેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતું વક્તવ્ય આપ્યું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના પ્રાદેશિક નિયામકો શ્રી દક્ષેસ પંડ્યા (રાજકોટ), ડૉ. બકરાણીયા(ભૂજ) તથા શ્રી રોમન ભાટિયા (સૂરત) પણ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

ડૉ. અમી ઉપાધ્યાય, ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. મનોજ શાહના સંક્ષિપ્ત પ્રતિભાવ વક્તવ્ય બાદ મદદનીશ કુલસચિવ ભાવિન ત્રિવેદીએ આભાર દર્શન વ્યક્ત કર્યું. યુનિવર્સિટી દ્વારા આવકાર, પરિચય અને અભિમુખતાના હાર્દિક ઉમળકાથી સહુ ભાવપૂર્વક આભારી હોવાની લાગણી સાથે છૂટા પડ્યા.

# અભિમુખતા કાર્યક્રમ : બે
## સ્થળઃ સરદાર સ્મૃતિભવન-કૃષિ યુનિવર્સિટી (દાંતીવાડા)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વિવિધ વિભાગોની કામગીરીથી નવનિયુક્ત શૈક્ષણિક સ્ટાફને પરિચિત કરવાના હેતુથી બેદિવસીય અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૭, ૮ ઓગસ્ટના રોજ સરદાર સ્મૃતિભવનમાં આયોજિત અભિમુખતા કાર્યક્રમનો પ્રારંભ ડૉ. કૃતિબહેન છાયા દ્વારા સરસ્વતી વંદનાથી થયો. કાર્યકારી કુલસચિવ શ્રી પીયૂષભાઈ શાહ દ્વારા અભિમુખતા કાર્યક્રમની ભૂમિકા અને ઉદ્દેશ પ્રસ્તુત કરવામાં આવ્યા યજમાન સંસ્થા કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિષયક યોગદાન અને સંશોધનની સક્રિયતાની પણ પીયૂષભાઈએ નોંધ લીધી હતી. નિયામકશ્રી (એકેડેમિક) ડૉ. રવિ ગોર દ્વારા ટેક્નોલોજી ઉપયોગ અને અવિરત સક્રિયતાથી યુનિવર્સિટી ડેવલેપમેન્ટમાં સહુની સહિયારી ભૂમિકા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. પ્રથમ બેઠકનું સંચાલન ડૉ. મૌનસ ઠાકર તથા આભાર દર્શન ડૉ. યોગેન્દ્ર પારેખે કર્યું. ઉદ્દ્ઘાટન બેઠકની સિદ્ધાંત ચર્ચા - વક્તવ્ય બાદ પ્રથમ દિવસના બીજા સત્રમાં જુદા જુદા વિભાગની માહિતી નીચે મુજબ પ્રસ્તુત કરવામાં આવી હતી.

| ક્રમ | રજૂકર્તા | વિષય-વિભાગ |
|---|---|---|
| ૧. | ડૉ. ધવલ પંડ્યા | પ્રવેશ વિભાગ તથા વિવિધ પ્રમાણપત્ર અભ્યાસક્રમો |
| ૨. | ડૉ. મૌનસ ઠાકર | પીએચ.ડી. પ્રવેશ પ્રક્રિયા-યોગ્યતા |
| ૩. | ડૉ. હેતલ ગાંધી | અભ્યાસ સામગ્રી સંકલન-પ્રકાશન |
| ૪. | ડૉ. મીનાબહેન રાજપૂત | બી.એડ્. તથા સ્પે. બી.એડ્. |
| ૫. | પ્રા. શ્રી સીતારામ પાલ | પી.જી.પી.ડી. |

સાંજે દાંતીવાડા જળાશય સ્થળની પ્રત્યક્ષ મુલાકાતે સહુ ગયા હતા. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું અનૌપચારિક આયોજન થયું હતું. જેમાં ગીત, નૃત્ય, જોક્સ, નાટક, વાંસળીવાદન, લોકગીત આદિની રજૂઆત વિવિધ કર્મચારીઓ દ્વારા થઈ હતી. નિર્મળઆનંદ અને કળા વિષયક પ્રતિભા વિશે નિયામકશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

બીજા દિવસના બન્ને સત્રમાં નીચે મુજબની વિભાગીય કામગીરીની રજૂઆત થઈ હતી.

| ક્રમ | રજૂકર્તા | વિષય-વિભાગ |
|---|---|---|
| ૧. | ડૉ. કુસુમબેન શર્મા | સ્વાધ્યાયકાર્ય તથા સ્નાતક અભ્યાસક્રમો |
| ૨. | પ્રા. ભાવિન પરમાર | એસ.સી./એસ.ટી. સેલ, શિષ્યવૃત્તિ સહાય આદિ |
| ૩. | પ્રા. મયંક સોની | C.B.C.S. |
| ૪. | શ્રી ભાવિન ત્રિવેદી | પરીક્ષા વિભાગની સમગ્રલક્ષી કાર્યપદ્ધતિ અને આયોજન |
| ૫. | ડૉ. જયશ્રી ગૂર્જર | ગુણપત્રક રેકોર્ડ અને તૈયાર કરવાની વહીવટી પ્રક્રિયા |
| ૬. | શ્રી ભાનુભાઈ પટેલ | અભ્યાસકેન્દ્ર ડિપાર્ટમેન્ટની સમગ્રલક્ષી ઉપયોગિતા |
| ૭. | શ્રી ધવલભાઈ બૅંકર | કમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટની સમગ્રલક્ષી ઉપયોગિતા |
| ૮. | ડૉ. ચેતનાબેન શાહ | ગ્રંથાલય વિજ્ઞાન અભ્યાસક્રમ અને ગ્રંથાલય પ્રવૃત્તિ |

દરેક વિભાગની કામગીરીની પ્રક્રિયા જવાબદારી અને સક્રિયતાનો સહુને પરિચય થયો. પાવર પોઈન્ટ દ્વારા રજૂ થયેલ અભિમુખતા ઉપક્રમનું દસ્તાવેજીકરણ થવાના કારણે યુનિવર્સિટી પ્રત્યે વિકાસલક્ષી અભિગમ કેળવનાર માટે કાયમી સંદર્ભ તૈયાર થયો. બીજા દિવસે પાલનપુર નજીક આવેલ હાથીધરા સ્થળ – વિશેષના પ્રાકૃત્તિક સૌંદર્યના પ્રત્યક્ષ દર્શનનો સહુને લાભ મળ્યો. અભિમુખતા કાર્યક્રમ પાછળના મુખ્ય ઉદ્દેશની પરિપૂર્તિનો સંતોષ બે દિવસની ઉપલબ્ધિ ગણાય.

# નવનિયુક્ત કર્મચારીઓને આવકાર



**Dr. Ami Upadhyay**
Professor, English



**Dr. Yogendra Parekh**
Associate Professor
Gujarati



**Dr. Manoj Shah**
Associate Professor
Commerce &
Management,



**Dr. Hiren D. Joshi**
Associate Professor
Computer Science



**Dr. Himanshu Patel**
Assistant Professor
Computer Science



**Shri Sanjay R. Patel**
Assistant Professor
Sociology



**Dr. Kruti Chhaya**
Assistant Professor
Economics



**Dr. Hetal K. Gandhi**
Assistant Professor
Gujarati



**Shri Bhavin M. Trivedi**
Assistant Registrar (Exam)



**Shri Dhaval B. Banker**
Programme Analyst

## નવનિયુક્ત બોર્ડ મેમ્બરની યાદી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અધિનિયમ, 1994 ની કલમ–16(2) અન્વયે ઘડાયેલ સ્ટેચ્યુટ ક્રમાંક–7(1)(B)(b) મુજબ માનનીય કુલપતિશ્રીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં નીચે દર્શાવેલ સભ્યશ્રીઓની નિયુક્તિ જાહેરનામાની દિ. 16-03-2013 થી ત્રણ વર્ષ માટે કરેલ છે –




**શ્રી સુનિલભાઈ ત્રિવેદી**
146, અશોકનગર,
સુંદરવન પાછળ,
ઇસરો નજીક, કસેટેલાઈટ રોડ,
અમદાવાદ



**ડૉ. મંદાબહેન પરીખ**
63, તપોવન સોસાયટી,
માણેકબાગ હોલ પાસે,
આંબાવાડી, અમદાવાદ



**ડૉ. શશીરંજન યાદવ**
બી–1001, સાંપ્રત–2,
કિરણ મોટર્સ પાછળ,
રાજપથ રો હાઉસ સામે,
બોડકદેવ, અમદાવાદ.



**ડૉ. વિપુલભાઈ દેસાઈ**
19,માતૃમંદિર સોસાયટી,
ઇસ્કોન મંદિર સન્મુખ,
વડોદરા – 380 007



**શ્રી પરાગભાઈ નાઈક**
44/45,નરનારાયણ સોસાયટી,
દક્ષિણી સોસાયટી,
મણિનગર, અમદાવાદ



**શ્રી પ્રજ્ઞેશ ટી.વાઘેલા**
ડૉ.આંબેડકર કોલોની,
રેલ્વે સ્ટેશન પાસે,
મુ.પો.મોરબી,
જી.રાજકોટ.

## સંશોધન લેખ/અહેવાલ નીચેના સરનામે મોકલવા


**સંપાદક : ડૉ. યોગેન્દ્ર પારેખ**
ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય,
આર.સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

પ્રકાશક : **કા. કુલસચિવશ્રી**
ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય
આર. સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે,
સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.

કમ્પ્યુટર સેટિંગ
અને ડિઝાઈન : **ગીતા પરીખ(B.A.O.U.) કમલેશ પંચાલ**


**BOOK POST**

STAMP

To,

______________________________

______________________________

______________________________

______________________________

______________________________


**કુલસચિવ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય,**
**આર.સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ,**
**ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ (ગુજરાત)**
ઈ-મેઈલ : feedback@baou.edu.in
વેબસાઈટ : .baou.edu.in